

₹ 10/-


# જીવનપથ



Vol. No. 17, Issue No. 12 (રૂા. ૧૦/- પ્રચાર અર્થે) Mumbai, 15th September 2025
Website : www.jeevanjyot.in Total 44 Pages E-mail : jeevan_jyot@yahoo.in



ૐ સર્વે ભવન્તુ સુખીનઃ સર્વે સન્તુ નિરામયા ।

'શ્રી જલારામ અન્નદાન ક્ષેત્ર... જય શ્રી જલારામ બાપા'
સામાજીક લોકહિત ધરાવતું, બિનધંધાદારી મુખપત્ર
'જીવન જ્યોત®' કેન્સર રિલીફ ઍન્ડ કેર ટ્રસ્ટ'નું નજરાણું






## તસ્વીર બોલે છે 'માતુશ્રી કાંતાબેન ચુનીલાલ ગગલદાસ શાહ (સેરીસા-ખેતવાડી)' પ્રેરીત જીવદયાની



ઉંદરના કરડવાથી ઝખમી થયેલા કબૂતરને તુરત સારવાર મળે એ હેતુ જીવન જ્યોત જીવદયા વિંગમાં લઈ આવવામાં આવ્યું.

ગરીબ નિરાધાર કેન્સરગ્રસ્ત દર્દીઓના અન્નક્ષેત્રમાં તથા જીવદયા અને ટોય લાયબ્રેરીમાં અનુદાન આપનાર અને આ અંકના સૌજન્યદાતા

**પ્રિતિ પ્રફુલ છેડા (અંધેરી)**

# તસ્વીર બોલે છે ‘સાઈશા-નાઈશા દાણી ટોયબેંક’ની




‘સાઈશા-નાઈશા દાણી ટોયબેંક’ અંતર્ગત જીવન જ્યોત સંસ્થા દ્વારા પ્રત્યેક મહિને બાળ કેન્સરગ્રસ્ત દર્દીના મનોરંજન અર્થે અવનવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. જેમાં બાળ કેન્સરગ્રસ્ત દર્દીઓ ડી.જે.ના તાલ પર ઝૂમી, વિવિધ રમતો રમી, લહેજતદાર ભોજનીયાની આનંદ માણી વિવિધ ભેટ સોગાદો મેળવી આનંદવિભોર બની જાય છે.

તસ્વીરમાં એક દિવ્યાંગ કેન્સરગ્રસ્ત બાળકી વ્હિલચેર પર બેસી આનંદ માણી રહેલી દ્રષ્ટિમાન થાય છે.



સ્થાપના : ૧૯૮૩

# જીવન જ્યોત®

## કેન્સર રિલીફ એન્ડ કેર ટ્રસ્ટ

૫/૬, કોંડાજી ચાલ, ટાટા હૉસ્પિટલની બાજુમાં, પેટ્રોલ પંપની સામે,
જેરબાઈ વાડિયા રોડ, પરેલ, મુંબઈ-૪૦૦ ૦૧૨.
ટેલી.: ૯૮૬૯૨૦૬૪૦૦/૯૦૭૬૧૬૯૩૫૫

**જીવનપથ**

*પથદર્શક* : **સ્વ. ખેતશી માલશી સાવલા** (રાયણવાળા)

*સ્થાપક* :
**હરખચંદ કે. સાવલા** (બાડા)

**પ્રકાશકઃ જીવન જ્યોત કેન્સર રિલીફ એન્ડ કેર ટ્રસ્ટ**

**બ્રાંચ ઓફિસો**

**જલગામ ઓફિસ**
શાહ રાઘવજી લાલજી સતરા (ગુંદાલા)
૧૦૯, પોલન પેઠ, જળગામ ૪૨૫૦૦૧.
મો. ૦૯૬૭૩૩૬૪૨૯૦

**કલકત્તા ઓફિસ :**
**વિનેશ શેઠ (ગોપાલ)**
૫, ગ્રાઉન્ડ ફલોર, ખૈરૂ પ્લેસ,
કલકત્તા - ૭૦૦૦૭૨

**સાંગલી - કોલ્હાપુર**
મીના જેઠાલાલ મારૂ (હાલાપર)
મો. ૭૭૦૯૯૦૦૪૩૩

**નાલાસોપારા ઓફિસ :**
૧૨, લક્ષ્મી શોપિંગ સેન્ટર, રાધાકૃષ્ણ હોટલની બાજુમાં, તુલીંજ રોડ, નાલાસોપારા (ઈ)
**ખુશ્બુ ગાલા**- ૮૯૨૮૭૬૫૩૦૧

**જીવન જ્યોત મેડિકલ સેંટર,**
આર/૩, શ્રી સ્વામી સમર્થ સોસાયટી,
દાદોજી કોંડદેવ સ્ટેડિયમની સામે,
થાણે (વેસ્ટ), પીન -૪૦૦ ૬૦૧.

### જ્યાં પાના ફરે ત્યાં

| | |
|---|---|
| તંત્રીની કલમે | ૫ |
| ચિંતનના ચિદાકાશમાં | ૭ |
| હઠ યોગની મુદ્રા - ખેચરી મુદ્રા | ૯ |
| બોધકથા - આમ્રવૃક્ષ | ૧૧ |
| નકલી શ્રીમંત | ૧૩ |
| પ્રભુ તમે ઘડપણ કેમ બનાવ્યું? | ૧૪ |
| એક દયાળુ કાર્ય | ૧૬ |
| જાણીતા ગઝલકાર - મનોજ ખંડેરિયા | ૧૯ |
| સદ્‌ભાવના પણ ચેપી હોય છે | ૨૦ |
| હાજી કાસમની 'વીજળી' | ૨૨ |
| નાભિમાં એરંડાનું તેલ લગાડવાના ફાયદા | ૨૪ |
| નવલકથા- 'કુંતી' | ૨૭ |
| વાનગી વિશેષ - ક્રીસ્પી ફરાળી સેન્ડવિચ | ૩૦ |
| બાળ ગણેશ અને ઘમંડી ચંદ્રમાંની વાર્તા | ૩૧ |
| જિંદગી એટલે સંબંધોની હલચલ | ૩૩ |
| દક્ષિણનો કુંભમેળો | ૩૭ |
| સરફરોશી કી તમન્ના | ૩૮ |
| પ્રાયશ્ચિત | ૩૯ |
| ઉખાણાં | ૪૨ |

***જીવનપથ** દર મહિનાની ૧૫મી તારીખે પ્રગટ થાય છે.*
*(કાયદાકીય અધિકાર ક્ષેત્ર મુંબઈ રહેશે.)*

**હવે વેબસાઈટ ઉપર "જીવનપથ" વાંચી શકો છો. www.jeevanjyot.in**
★ ટ્રસ્ટ રજી. નં. P.T.R.E.-17259 (M) ★ F.C.R.A. 083780700
★ CSR Registration No. CSR 00002659
★ Donation Exe. U/S 80 G (S) of I.T. Act obtained permanently vide No. TECH/MC.ME/80G/53
Email : jeevan_jyot@yahoo.in

ૐ અરિહંતે નમો નમઃ
*સંસારના પ્રત્યેક જીવની પ્રત્યેક પળ મંગલમય થાય એવી ભાવના મારી હર પળ હો...*

તંત્રીના ટેબલ પરથી.....

# જેવી ભાવના તેવું ફળ

ભાવના આપણા દરેકના જીવનમાં ભળેલી જ છે. પરંતુ જોઈ શક્તા નથી, અનુભવી શકીએ છીએ. ભાવનાશીલ વ્યક્તિ સંવેદનશીલ હોય છે અને ભાવના વિહિન વ્યક્તિ પથ્થર દિલ હોય છે. ભાવના હૃદયના અને અંતરના ભાવથી પ્રગટે છે. ભાવનાના રૂપ અનેક છે પરંતુ વ્યક્તિ જેવી ભાવનાથી કર્મ કરે છે તેને તેવું ફળ પ્રાપ્ત થાય છે. વ્યક્તિ પરમાત્મા સુધી પહોંચી શક્તી નથી પરંતુ તેની પવિત્ર-શુદ્ધ ભાવના જરૂર ભગવાન સુધી પહોંચે છે.

રામાયણમાં પ્રસંગ છે લંકેશે વિભિષણને લંકામાંથી જાકારો આપ્યો તે પ્રભુના શરણે ગયો. તેથી રામના અનુચરો શંકા-કુશંકા કરવા લાગ્યા. ત્યારે પ્રભુ રામે કહ્યુંઃ ‘જુઓ ! તે નિશ્ચિતપણે દુષ્ટ હોત તો મારી સમક્ષ આવી શક્યો ન હોત, શુદ્ધ ભાવના અને નિર્મળ મનનો મનુષ્ય જ મને પામે છે.’

*નિર્મલ મન જન સો મોહિ પાવા ।*
*મોહિ કપટ છલ છિદ્ર ન ભાવા ॥*

તેથી આપણા શાસ્ત્રો પુરાણોમાં ઉલ્લેખ છે. ‘યદ્ ભાવમ્ તદ્ ભવતિ’ જેવી આપણી ભાવના હશે તેવી ગતિ થશે. તેથી જેવી ભાવના તેવું ફળ પ્રાપ્ત થાય છે. તમે તમારાં મા-બાપને જેવી રીતે રાખ્યાં હશે તેવી રીતે જ તમારાં સંતાનો તમને રાખશે !

નાથ મારા હરિદ્વાર જઈને શું કામ છે ?
મા-બાપના ચરણોમાં પ્રભુનું દ્વાર છે. ■

# -: ખાસ નોંધ :-

**સંસ્થાની ઉત્કૃષ્ટ કામગીરી નિહાળી ગર્વમેન્ટ ઑફ ઈંડિયાની મિનીસ્ટ્રી ઑફ ફાઈનાન્સ તરફથી વિદેશથી અનુદાન સ્વીકારવાની વિશેષ મંજૂરી મળી છે. તો જે પણ દાતા અનુદાન આપવા ઈચ્છતા હોય તેઓ FCRAના બેંક એકાઉન્ટ નં. સંસ્થાના કાર્યાલયમાંથી મેળવી લેવા વિનંતી.**

**જાણવા મળ્યા પ્રમાણે કોઈક અજ્ઞાત વ્યક્તિ જીવન જ્યોત સંસ્થાનું નામ વાપરી ડુપ્લીકેટ રસીદ અને સર્ટીફીકેટ છપાવી અનુદાન ભેગું કરી રહ્યા છે. દાતાઓને જરાક પણ કોઈ શંકા લાગે તો જીવન જ્યોત સંસ્થાના કાર્યાલયમાં સંપર્ક સાધવા વિનંતી.**

**છાપા, ચોપડા, પસ્તી, કપડાં, રમકડાં, દવાઓ, ઘરવખરીની વસ્તુઓ તેમજ વિવિધ સ્ક્રેપ જીવન જ્યોત સંસ્થાની રસીદ વગર ન આપવા નમ્ર વિનંતી.**

## શ્રી જલારામ અન્નક્ષેત્ર

શ્રી એલ.ડી. શાહ (બિદડા) પ્રેરિત શ્રી જલારામ અન્નક્ષેત્ર ટાટા હોસ્પિટલ પાસે, વાડિયા હોસ્પિટલ પાસે તથા જે.જે. હોસ્પિટલની અંદર બહારગામથી આવેલ કેન્સરગ્રસ્ત તથા અન્ય મોટી બિમારી લઈને મુંબઈને આંગણે સારવાર લેવા આવતા પરિવારો માટે કાર્યરત છે જેમાં નિર્ધન, નિરાશ્રિત એવા પરિવારો મોટે ભાગે લાભ લે છે. આપ આપનું અનુદાન **જીવન જ્યોત કેન્સર રિલીફ એન્ડ કેર ટ્રસ્ટ**નો **સેવિંગ એકાઉન્ટ** નીચે આપેલ બેંકમાં ડ્રાફ્ટ, ચેક અથવા રોકડેથી ભરી શકશો. કાઉન્ટર સ્લીપ અમને પોસ્ટ કરો ને ફોન પર અમને જાણ કરો કે કઈ યોજના માટે તમે પૈસા ભર્યા છે. તો અમે તમને સર્ટીફાઈડ રસીદ મોકલી આપીશું.

**દાતા પાસેથી ઉપરોક્ત વિગત ન મળવાથી આપના આપેલ અનુદાનની રકમ પર સંસ્થાને ૩૩% ટેક્ષ ભરવો પડે છે. જેનાથી કેન્સરગ્રસ્ત દર્દીઓ માટે ફંડ ઓછું વાપરી શકીએ છીએ.**

**સંપર્ક મો. ૯૮૬૯૨૦૬૪૦૦/૯૦૭૬૧૬૯૩૫૫**

| બેંકનું નામ / IFSC નં. | ખાતા નં. | બ્રાંચ |
|---|---|---|
| એચ.ડી.એફ.સી.બેંક HDFC0000357 | ૧૪૭૩૧૪૫૦૦૦૦૦૧૭ | પરેલ |

# પુણ્યનું ભાથુ બાંધવા માટેના વિકલ્પો

| | |
|---|---|
| એક સમયનું સંપૂર્ણ સાદુ ભોજન | ૧૪,૫૦૦/- |
| એક સમયનું સંપૂર્ણ મિષ્ટાન ભોજન | ૨૬,૦૦૦/- |
| એક સમય ફ્રી ભોજન (ટાટા હોસ્પિટલ પાસે) | ૪,૦૦૦/- |
| એક સમય ફ્રી મિષ્ટાન ભોજન (ટાટા હોસ્પિટલ પાસે) | ૭,૦૦૦/- |
| જમવા માટેની પંચવર્ષીય મિતી યોજના (ટાટા હો.) | ૧૮,૦૦૦/- |
| જમવા માટેની કાયમી મિતી યોજના (ટાટા હો. પાસે) | ૪૫,૦૦૦/- |
| આખો દિવસ હળદર, સાકર વાળુ દુધ (ટાટા હો. પાસે) | ૭૦૦/- |
| એક સમય ફ્રી ભોજન (જે. જે. / વાડિયા હોસ્પિટલ પાસે) | ૪,૦૦૦/- |
| એક સમય ફ્રી મિષ્ટાન ભોજન (જે. જે. / વાડિયા હોસ્પિટલ પાસે) | ૭,૦૦૦/- |
| એક સમય ફ્રી ભોજન (સાંગલી હોસ્પિટલ) | ૨,૫૦૦/- |
| એક સમય ફ્રી મિષ્ટાન ભોજન (સાંગલી હોસ્પિટલ) | ૫,૦૦૦/- |
| વિશેષ સભ્ય | ૩૧,૦૦૦/- |
| બ્લડ ડોનેશન કેમ્પ | ૪૦,૦૦૦/- |
| દર્દીઓની એક દિવસની પિકનીક | ૩૦,૦૦૦/- |
| ચેરી. એલોપેથીક ડિસ. માસિક ખર્ચ | ૩૦,૦૦૦/- |
| એક કેન્સર ચેકઅપ કેમ્પ (૧૦૦ વ્યક્તિ) | ૪૦,૦૦૦/- |
| વિવિધ પ્રકારના મેડીકલ ચેકઅપ કેમ્પ (૧૦૦ વ્યક્તિ) | ૪૦,૦૦૦/- |
| ટોયબેંક માસિક ખર્ચ | ૨૦,૦૦૦/- |
| ચેરી. હોમિયોપેથીક ડિસ. માસિક ખર્ચ | ૧૫,૦૦૦/- |
| મહિને ૧ દર્દીના (દત્તક) | ૨૫,૦૦૦/- |
| મહિને પ્રતિ દર્દીનું રેડીયેશનનો ખર્ચ | ૧૫,૦૦૦/- |
| એક મહિનાની કબુતરની દવા | ૭,૫૦૦/- |
| એક દિવસીય અનાજ માટેનો નકરો | ૨,૫૦૦/- |
| સામાન્ય સભ્ય | ૨,૦૦૦/- |
| એક દિવસીય સૂકા ઘાસનો નકરો | ૨,૦૦૦/- |
| એક દિવસીય લીલા ઘાસનો નકરો | ૧,૫૦૦/- |
| એક દિવસીય ગાય માટે રોટલી | ૧,૦૦૦/- |
| એક દિવસીય કુતરા માટે દૂધ | ૧,૦૦૦/- |
| વિવિધ કબુતરખાનામાં ચણનો નકરો | ૧,૦૦૦/- |
| એમ્બ્યુલન્સ | ૧,૦૦૦/- |
| ઓઝોનથેરેપી | ૫૦૦/- |
| દાતાને નામે કાયમી યોજના | ૧૨,૫૦,૦૦૦/- |
| સ્પોન્સરશીપ -૧ વર્ષના | ૧,૨૫,૦૦૦/- |
| પેટ્રનશીપ | ૧,૨૫,૦૦૦/- |
| વાઈસ પેટ્રનશીપ | ૭૫,૦૦૦/- |

## ચિંતનના ચિદાકાશમાં

**- શ્રીમદ્ વિજય રત્નસુંદરસૂરીશ્વરજી મહારાજ**

લગભગ દર અઠવાડિયે એક વાર તો તમે મળવા આવતા જ હતા. આવીને આરાધનાનો હિસાબ આપી જતા અને નવી કંઈક પ્રેરણા લઈને જતા. આ વખતે લગભગ છ મહિનાનું અંતર પડી ગયું. બહારગામ ગયા હતા કે સંસારની જ કોઈ રામાયણ? લગભગ ૫૫ વરસના પ્રૌઢ એ શ્રાવક હતા. ઘરમાં એમણે જિન મંદિર બનાવ્યું છે. ઉભયટંક પ્રતિક્રમણ, નિત્ય ઉકાળેલું પાણી, નિત્ય જિનવાણી શ્રવણ, ધંધામાંથી લગભગ નિવૃત્ત અને દાનધર્મમાં સદાય ઉત્સાહી એવા અનેકવિધ સદ્‌ગુણો ધરાવતા એ શ્રાવક ઘણે વખતે આવ્યા એટલે એમને સહેજે આ પ્રશ્ન પુછાઈ ગયો.

''સાહેબ ! બહારગામ નહોતો ગયો.''

''તો?''

''સંસારની કોઈ રામાયણમાંય નહોતો ફસાયો.''

''તો?''

''પરમાત્માની આજ્ઞાનો ભંગ કર્યો એનું ફળ ભોગવવાનું આવ્યું અને એના જ કારણે ન તો આપની પાસે આવી શકયો છું કે ન તો દર્શન-પૂજા માટે પરમાત્મા પાસે જઈ શક્યો છું. સામાયિક અને પ્રતિક્રમણ પણ લગભગ બંધ જેવાં થઈ ગયાં હતાં. હમણાં કંઈક સારું છે એટલે ચારેક દિવસથી ચાલુ કર્યાં છે.''

''પણ થયું શું?''

''ફ્રેક્ચર.''

''ક્યાં?''

''પગે.''

''ક્યારે?''

''લગભગ પાંચ મહિના થયા.''

''પણ શી રીતે થયું?''

''એક કામ માટે મારે ઘાટકોપર જવાનું થયેલું. આમ તો દીકરાએ મારે માટે એક જુદી મોટર રાખી જ છે પણ એ દિવસે ડ્રાઈવર આવ્યો નહોતો એટલે ટ્રેનમાં જ ગયો. કામ પતાવીને પાછો આવતા બોરીબંદર સ્ટેશને ઊતર્યો. આપે

તો ઘણાં વરસોથી સંસારનો ત્યાગ કર્યો છે એટલે આપને ખ્યાલ નહીં આવે કે ટ્રેનની મુસાફરી મુંબઈગરાઓ માટે કેટલી ત્રાસદાયક છે? પણ, હું મૂળ વાત પર આવું.

ચિક્કાર પબ્લિક વચ્ચે બોરીબંદર સ્ટેશને હું જેમતેમ કરીને ઊતર્યો તો ખરો પણ સામેથી એ ટ્રેનમાં જગા મેળવવા ઉતારુઓનો ઘસારો પણ એટલો જ ભારે હતો. હું સ્ટેશનની બહાર નીકળવા પ્રયત્ન કરું અને સામેથી લોકો દોડતા આવે. મને એમ લાગ્યું કે આમાં હું ક્યાંય પડી જઈશ. એટલે એક બાજુ ઊભો રહી ગયો. લોકોનો ધસારો ઓછો થયો એટલે બહાર નીકળવા માટે પગ ઉપાડયા. પણ,

સ્ટેશનની એક બાજુ પર મોટો ખાડો હતો. એના પર કોઈ આવરણ નહોતું કે ત્યાં ખાડો છે એવું જણાવતું કોઇ પાટિયું પણ નહોતું. બીજા મુસાફરોની સાથે હું'ય ચાલ્યો પણ મારા ધ્યાનમાં એ ખાડો આવ્યો નહીં અને એમાં હું પડ્યો. આજુબાજુવાળાઓએ મને સાચવીને એમાંથી બહાર કાઢ્યો. મેં એમને મારા ઘરનો ફોન નંબર આપ્યો. એમાંના કો'કે ફોન કરીને મારા દીકરાને વાત કરી. અને એ તુર્ત જ સ્ટેશને આવી ગયો.

મારાથી પગ મંડાતો નહોતો. વેદના સખત હતી. દીકરો સીધો જ મને હોસ્પિટલે લઈ ગયો. એકસ-રે કઢાવ્યા. ફ્રેક્ચર આવ્યું. ડૉક્ટરે પ્લાસ્ટર બાંધ્યું અને છ મહિનાનો ખાટલો થયો.''

''એટલે એમ જ કહો ને કે ખાડાના કારણે ફ્રેક્ચર થયું?''

''ના, નીચું જોઈને જ ચાલવાની પરમાત્માની આજ્ઞાનું મેં પાલન કર્યું હોત તો ખાડામાં પડવાનું મારે બનત જ નહીં.

ભૂલ ખાડાની નહોતી કે સ્ટેશનવાળાની નહોતી. ભૂલ મારી જ હતી. મારે જ નીચું જોઈને ચાલવાની જરૂર હતી પણ એમાં ગરબડ કરી તો એની સજા વેઠવાના દિવસો આવ્યા.''

અનાદિની જીવની આ નબળી કડી રહી છે. દુઃખ અને દોષમાં એણે જવાબદાર કાયમ માટે બીજાને જ માન્યા છે. અને એનું જ આ પરિણામ આવ્યું છે કે દુઃખમાં એ દુર્ધ્યાનગ્રસ્ત રહ્યો છે અને દોષમાં એ પાપી બન્યો છે! આવો, પાછા ફરીએ આ ગલત અભિગમથી ! ■

# મુદ્રા વિજ્ઞાન હઠ યોગની મુદ્રા - ખેચરી મુદ્રા



ખેચરીમુદ્રા આમ તો ઘણી કઠિન મુદ્રા છે પણ દર્શાવેલ સરળ રીતથી પણ અમુક ફાયદા થાય છે. આ મુદ્રામાં જીભને ઉલ્ટી ફેરવી કંઠના મૂળમાં જે ઘાંટી (હૈડિયો) છે તેના પર જીભના ટેરવાને લગાવી, દ્રષ્ટિને નાક પર આજ્ઞાચક્ર પર અપલક રાખી ખેચરી મુદ્રા બને. આ મુદ્રા કરતી વખતે હાથોથી ઉદાનમુદ્રા અને આંતરિક રીતે 'હ્મ' ના મૌન ઉચ્ચારણ સાથે કરવાથી, વધુ લાભ થાય.

**લાભ :**

- ભૂખ-તરસ પર નિયંત્રણ આવે છે.
- મરણતૂલ્ય કષ્ટ દૂર થાય છે.
- એકાગ્રતા સધાય છે.
- નિર્વિકલ્પ દશામાં લીન થવાય છે. ■

## સિંધવ મીઠું : આરોગ્યપ્રદ મીઠું

સમુદ્રી સફેદ મીઠા કરતાં પહાડી સફેદ મીઠામાં અનેક ઔષધિ ગુણો છે. સફેદ સમુદ્રી મીઠું જે આપણે રોજિંદા આહારમાં વાપરીએ છીએ, જે હાઈબ્લડપ્રેશર અને એને લગતી અનેક વ્યાધિઓને નોતરે છે. કેન્સર જેવી ઘણી બિમારીઓમાં જ્યારે સાદું મીઠું ખાવાની મનાઈ હોય છે અને વૈષ્ણવ લોકોના ઉપવાસમાં જ્યાં સાદું મીઠું વપરાતું નથી ત્યાં દરેક જગ્યાએ પહાડી સિંધવ મીઠું વપરાય છે.

**દર્દીઓના લાભાર્થે સિંધવ મીઠું - ૫૦/- રૂા. કિલો**
**ગાયનું શુદ્ધ ઘી ૬૫૦/- રૂા. કિલો**
**કાચી ઘાણીનું શિંગતેલ - ૩૮૦/- રૂા. કિલો**

**'જીવન જ્યોત કેન્સર રિલીફ એન્ડ કેર ટ્રસ્ટ'** માંથી દરેક વ્યક્તિઓને મળી શકશે.
ફક્ત વાપરનાર વ્યક્તિઓ જ આ યોજનાનો લાભ લે. સમય : (૧૧ થી ૫) (રવિવાર બંધ)
સરનામું : ૫/૬, કોંડાજી ચાલ, જેરબાઈ વાડિયા રોડ, ટાટા હોસ્પિટલની બાજુમાં, પરેલ, મુંબઈ-૧૨.
ટેલી : ૯૮૬૯૨૦૬૪૦૦.

## સંસ્થાની અનેકવિધ પ્રવૃત્તિઓમાં કેટલીક પ્રવૃત્તિઓ દાતાઓના નામથી ચાલે છે જેમાં મુખ્યત્વે :

| | | |
|---|---|---|
| ૧) | શ્રીમતી નલિનીબેન બિપિનચંદ્ર મહેતા | : કેન્સર ડિટેક્શન સેન્ટર |
| ૨) | શ્રીમતી ચંપાબેન ઝુમખરામ શાહ | : કોલોસ્ટોમી બેગ સેન્ટર |
| ૩) | શ્રીમતી સાકરબેન એલ. ડી. શાહ (બિદડા) | : જલારામ અન્નદાન ક્ષેત્ર |
| ૪) | શ્રીમતી ઉષાબેન મણિલાલ ગાલા (કાંડાગરા-ગોરેગામ) | : જલારામ અન્નદાન ક્ષેત્ર |
| ૫) | શ્રીમતી પુષ્પાવંતી કિશોરભાઈ ભોજરાજ (મેરાઉ) | : એમ્બ્યુલન્સ સેવા |
| ૬) | શ્રીમતી નયનાબેન બિપીનભાઈ દાણી (માટુંગા) | : વરિષ્ઠ નાગરીક આઈકાર્ડ સેવા |
| ૭) | શ્રી મહેન્દ્રભાઈ મણિલાલ ગાંધી (લિંબોદ્રા) | : બ્લેક મોલાઈસીસ દવા |
| ૮) | શ્રી ડુંગરશી મુલજી મારૂ (કારાઘોઘા) | : આધુનિક ઉપકરણો |
| ૯) | કુ. સાઈશા-નાઈશા દાણી (માટુંગા) | : ટોયબેંક |
| ૧૦) | માતુશ્રી ખેતબાઈ દેવરાજ મારૂ (હાલાપુર) | : ચેરી. ડિસ્પેન્સરી |
| ૧૧) | માતુશ્રી કાંતાબેન ચુનીલાલ ગગલદાસ શાહ (સેરીસા) | : જીવદયા |
| ૧૨) | માતુશ્રી ચંદ્રાબેન જયંતિલાલ ચત્રભુજ મોદી અને માતુશ્રી લાછબાઈ હીરજી કરમશી ભેદા (સમાઘોઘા) | : હલ્દી દુધ યોજના |
| ૧૩) | શ્રી હરીરામ માથુરામ અગ્રવાલ (ચેમ્બુર) | : ફ્રુટ વિતરણ |
| ૧૪) | માતુશ્રી સુશીલાબેન કાંતિલાલ દાણી (હરસોલ) | : એનિમલ એમ્બ્યુલન્સ મેઈન્ટેનેંસ |
| ૧૫) | માતુશ્રી લલિતાબેન બિહારીલાલ શાહ (સાંતાક્રુઝ) | : ઓઝોન થેરેપી સેન્ટર |
| ૧૬) | માતુશ્રી તારાબેન જયંતિલાલ વાઘાણી (માટુંગા) | : જીવન જ્યોત ડ્રગ બેંક |
| ૧૭) | દેવીકા સોમચંદ લાલકા (અમલનેર) (સ્વ. કુ. હંસાબેન રતનશી લોડાયા) | : કોમ્પીટીશન યોજના |
| ૧૮) | મયુરભાઈ મહેતા તથા જીતેન્દ્રભાઈ પારેખ | : એમ્બ્યુલન્સ નિભાવ ફંડ |
| ૧૯) | માતુશ્રી ઈંદુમતિબેન મહેન્દ્રભાઈ ગાંધી (લિંબોદ્રા) | : પેથોલોજી લેબ |
| ૨૦) | શ્રીમતી મંજુલાબેન નટવરલાલ શાહ (હરસોલ) | : બ્લડ બેંક |
| ૨૧) | શ્રી નટવરલાલ બુલાખીદાસ શાહ (હરસોલ) | : મેડિકલ કેમ્પ |
| ૨૨) | શ્રીમતી નલિનીબેન રસીકભાઈ જાદવજી શાહ | : એમ્બ્યુલન્સ સેવા |
| ૨૩) | સ્વ. શ્રી ઈન્દરચંદ લખ્ખીચંદ ખીંવસરા (ધુલિયા) | : પસ્તી યોજના |
| ૨૪) | ડૉ. રમેશ મંત્રી | : અનાજ વિતરણ |
| ૨૫) | શ્રીમતી સાકરબેન પ્રેમજી ચેરીટેબલ ટ્રસ્ટ (વર્લી) | : કેમોથેરેપી વિભાગ |

***સમાજને ઉપરોક્ત પ્રવૃત્તિઓમાં લાભ લેવા વિનંતી.***

## બોધકથા

# આમ્રવૃક્ષ



– અનુવાદ : આદિત્ય વાસુ

### સમસ્યા

હુજૂર અને શામુ, બંને એક દિવસ બીરબલ પાસે ન્યાય કરાવવા આવ્યા. બાળપણથી બંને વચ્ચે એક આંબા (કેરીના ઝાડ)ની માલિકી અંગે ઝઘડો ચાલતો હતો. જે બંનેના મતે બીજા વગર હક્કે હડપ કરી જવા માગતો હતો. બંનેને પ્રશ્નો પૂછ્યા પણ કાંઈ ન વળતાં બીરબલે બંનેને ઘરે મોકલી દીધા અને બીજે દિવસે આવવા જણાવ્યું.

### બીરબલનો ઉકેલ

આ દરમિયાન બીરબલે દરબારના એક નોકરને કહ્યું કે, ''તે આ બંનેને જઈને સાવચેત કરી આવે કે ચોર તેઓના ઝાડ ઉપરથી કેરીઓ ચોરી જાય છે. તેઓ શું કહે છે તે તું મને પછી આવીને કહી જજે.'' એમ બીરબલે પેલા નોકરને કહ્યું.

આ પછી પેલા નોકરે આવીને બીરબલને સમાચાર આપ્યા કે પોતાની વાત સાંભળી હુજૂરે એમ કહ્યું કે, ''તે હમણાં બીજા અગત્યના કામમાં વ્યસ્ત છે એટલે આ અંગે પછી કાંઈ કરશે. જ્યારે શામુ તરત જ કેરીના ઝાડ પાસે પહોંચી ગયો અને ચોરને ભગાડી મૂક્યા.''

બીજે દિવસે હુજૂર અને શામુ બીરબલ પાસે આવ્યા એટલે બીરબલે કહ્યું, ''હવે જ્યારે તમો બંને કબૂલ નથી કરી શકતા કે આ ઝાડનો સાચો માલિક કોણ છે એટલે મારી પાસે એક જ વિકલ્પ બચ્યો છે અને તે એ છે કે આ ઝાડને કપાવી નખાવું અને તેનું લાકડું તમારા બેઉ વચ્ચે વહેંચી દઉં.''

હુજૂર તરત આ નિર્ણય સાથે સંમત થઈ ગયો, પરંતુ શામુએ કહ્યું, ''મેં આ વૃક્ષની બાળપણથી સેવા કરી છે, તેનું ધ્યાન રાખ્યું છે એટલે મને આ વૃક્ષના માલિકીહક્ક ન મળે તો કાંઈ વાંધો નહીં, પણ તેને કાપીને તોડી ન નાખતા.''

બીરબલને ખ્યાલ આવી ગયો કે શામુ જ આ વૃક્ષનો સાચો માલિક હતો. તેથી તેણે હજૂરને જૂઠ્ઠું બોલવા બદલ ચાબખા મારવાની સજા કરી.

### શીખ

પ્રેમનો ક્યારેય સહેલાઈથી ઢોંગ કરી શકાતો નથી. જ્યારે સાચો પ્રેમ અને લાગણી તરત જ પરખાઈ આવે છે અને આપણને ખ્યાલ આવી જાય છે કે લાગણીઓ ક્યારેય ખોટી તો ન જ હોય. બીજી તરફ તમને તમારી નોકરી પસંદ છે તેવો ઢોંગ અથવા તમે ખૂબ જ વિશ્વાસુ કર્મચારી છો અને તમારી ખોટી વફાદારી તમે બતાવ્યા કરો તો તે સચ્ચાઈ સામે ટકી શકતી નથી. ખૂબ જ જલદી ખબર પડી જતી હોય છે કે તમારી વફાદારી ખરેખર ક્યાં છે. ■

## કેન્સરની ભયાનકતા સામે હૂંફનું કવચ...

| નામ | ગામ | એરીયા | રૂપિયા |
|---|---|---|---|
| ❖ ઓમન ટ્રેડ | | એલ્ફિસ્ટન | ૨૫,૦૦૦/- |
| ❖ નીરૂબેન દુલભજી ધ્રુવ | | બોરીવલી | ૨૫,૦૦૦/- |
| ❖ દિવાળીબેન જાદવજી ભારાણી | દેશલપુર | માટુંગા | ૨૫,૦૦૦/- |
| ❖ કલાબેન મનુભાઈ શાહ | | તારદેવ | ૧૧,૦૦૦/- |
| ❖ નવિન ધરમશી મિરાણી | | થાણે | ૫,૦૦૦/- |
| ❖ સ્વ. કલ્પનાબેન વસંતલાલ શાહના આત્મશ્રેયાર્થે | ગઢસીસા | ઘાટકોપર | ૫,૦૦૦/- |
| ❖ ઉષાબેન મણિલાલ ગાલા | કાંડાગરા | ગોરેગામ | ૪,૦૦૦/- |
| ❖ જાલુ હોમી ઘડિયાલી | | પરેલ | ૩,૫૦૦/- |
| ❖ અશોક એમ. મોદી | | કાંદિવલી | ૩,૦૦૦/- |
| ❖ ભદ્રેશ રજનીકાંત ગાંધી | | વિલેપાર્લા | ૧,૦૦૧/- |
| ❖ મિતુલ ભદ્રેશ ગાંધી | | વિલેપાર્લા | ૧,૦૦૧/- |
| ❖ શરદ નાનાલાલ મહેતા | | મીરારોડ | ૧,૦૦૦/- |
| ❖ અમૃતબેન મોરારજી શાહની પુણ્યસ્મૃતિ નિ. હ. શાંતાબેન પી. શાહ | | કુર્લા | ૫૦૦/- |

## અનાજ વિતરણ

| નામ | એરિયા | રૂપિયા |
|---|---|---|
| * પ્રીતી યોગેશ દેસાઈ | બોરીવલી | ૨,૫૦૦/- |

ગુસ્સો હંમેશા તમારું નુકસાન કરે છે.

## ગુલાબી દ્રષ્ટાંતકથા

# નકલી શ્રીમંત

એક માણસ મહેનત મજૂરી કરી પોતાનું પૂરું કરતો હતો. એકવાર એ બીમાર પડ્યો અને ખૂબ મુસીબતમાં આવી પડ્યો. ત્યારે એક મિત્રે એને કહ્યું : ''તમે ફલાણા શ્રીમંતને મળો. એ ઉદાર હાથે સૌને મદદ કરે છે, તમને પણ કરશે.''

બીમારે કહ્યું : ''હું એમને ઓળખતો નથી! મેં એમનું ઘર પણ જોયું નથી.''

''પણ મેં જોયું છે ને!''

આમ કહી એ મિત્ર પોતે એને પેલા શ્રીમંતના ઘર આગળ લઈ ગયો. પછી પોતે બહાર ઊભો રહ્યો, અને બીમારને ઘરમાં જવાનું કહ્યું.

શ્રીમંત આંગણામાં જ હીંચકે બેઠેલા હતા. બીમારે વિનયપૂર્વક ત્યાં પ્રવેશ કર્યો. હીંચકે હીંચતાં હીંચતાં શ્રીમંતે એને જોઈ હસીને કહ્યું : ''માગવા આવ્યો છે ને? પણ તું આમ હાથ જોડતો ઢીલોઢસ થઈને આવશે તેથી હું છેતરાવાનો નથી. અસલી ને નકલી માણસની મને પરખ છે.''

આ સાંભળી બીમાર ત્યાં જ થંભી ગયો, અને તરત પૂંઠ ફેરવી પાછો ફરી ગયો.

એને તરત પાછો ફરેલો જોઈ મિત્રે કહ્યું : ''કેમ, રે, શું થયું?''

બીમારે કહ્યું : ''ઘમંડનું મહોરું પહેરી બેઠેલી શ્રીમંતાઈને જોઈ હું ડરી ગયો. એ અસલી શ્રીમંત નથી, નકલી છે. એવાની આગળ મારાથી હાથ લાંબો કેમ થઈ શકે? જ્યાં લેનારનું માન નહિ, ત્યાં દેનારનું યે કંઈ ગૌરવ નથી.'' ■

**વાચક ગણ, જીવનપથમાં પ્રસિધ્ધ થતાં લેખ-કાવ્ય-નવલિકા-નોવેલ તથા અન્ય લખાણ જે તે લેખકોના મંતવ્ય હોય છે, એમાં પ્રસિદ્ધ થતાં કોઈપણ લેખ કે અન્ય સાહિત્ય સાથે તંત્રી મંડળ કે ટ્રસ્ટી મંડળ સહમત છે એમ માની લેવું નહીં. આ આખો પ્રયાસ કેન્સરગ્રસ્ત દર્દીઓના ઉત્થાન માટે છે. છતાં ઉપસ્થિત થનાર વાદ માટે ન્યાયક્ષેત્ર મુંબઈ રહેશે. - *જીવનપથ તંત્રી મંડળ***

# પ્રભુ તમે ઘડપણ કેમ બનાવ્યું?

આજે સવારે પૂજા કરતી વખતે મેં પ્રભુને એક સવાલ પૂછ્યો, ''હે પ્રભુ, તમે ઘડપણ કેમ બનાવ્યું?''

જો આપે ઈચ્છયું હોત તો માણસને યુવાન જ રાખી શકતા હોત. આપ તો સર્વશક્તિમાન છો. પછી આ દુર્બળતાનું દાન કેમ આપ્યું?

પ્રભુ હળવું સ્મિત કરી બોલ્યા, ''તું એમ માને છે કે આ સૃષ્ટિ મોહમય છે? મારા રચેલા રમણીય જગતમાં જે મોહ છે એ તૂટે નહીં તો આત્મા મુક્ત થાય નહીં.

પછી તેઓએ મને સમજાવ્યું-

''ઘડપણમાં હું આંખોની રોશની ઓછી કરી દઉં છું જેથી તને દેખાતાં આ રંગીન વિશ્વનો મોહ ધીમે ધીમે છૂટે...

તારા ચહેરા પર કરચલીઓ નાંખું છું, જેથી તું સુંદરતા પાછળ દોડવાનું છોડી દે...

પગમાં થાક ભરું છું જેથી તું જગત ફેરી છોડી અહમ, મુક્તિ તરફ વળે.

કાન ધીરે ધીરે સાંભળવાનું ઓછું કરે જેથી તું બહારનો નહીં પણ અંદરનો અવાજ સાંભળવા લાગે.

હા વત્સ, ઘડપણ એ મોહ તોડવાનો માર્ગ છે.

જેમ વૃક્ષ પાંદડા છોડે અને શાંત થાય તેમ આત્મા શરીરનો મોહ ત્યાગે - પણ તું જ વિચાર જો ઘડપણ ન આવે તો શું કોઈ મરવું પસંદ કરશે?

યૌવનમાં મૃત્યુ આવે તો આખું કુટુંબ વર્ષો સુધી વિલાપ કરે, પણ ઘડપણ પછીનું મૃત્યુ સૌ કોઈ સહજતાથી સ્વીકારી લે છે. ઘણી વાર તો બાર દિવસ પછી બધું પાછું એકરસ થઈ જાય છે...

આથી ઘડપણ એ તારા મુક્તિ માટે મારી કૃપા છે.''

હું ભાવસહ બોલ્યો, ''હે પ્રભુ, હવે તો આપની લીલા મારી સમજમાં આવી પણ જ્યારે તમે મોહ તોડવા ઘડપણ બનાવ્યું તો પછી આ મમતામય પરિવાર કેમ બનાવ્યો.''

આ વખતે પ્રભુ મૌન થઈ ગયા કારણ કે કેટલીક લીલાઓ શબ્દોથી સમજાતી નથી, એ માત્ર આત્મ અનુભવથી જ સમજાય છે. આ સંવાદ મારો અને પ્રભુ વચ્ચેનો નથી પણ આપણા સર્વેના જીવનની સચ્ચાઈ છે.

''સૌનું મંગળ થાઓ એ જ પ્રભુપ્રાર્થના.'' ■

## માતુશ્રી ચંદ્રાબેન જયંતિલાલ ચત્રભુજ મોદી
## *અને* માતુશ્રી લાછબાઈ હીરજી કરમશી ભેદા (સમાઘોઘા)
## હલ્દી દુધ યોજના

ગાયનું દુધ અને હલ્દી પાવડર જેવા ઔષધી ગુણ વડે કેન્સરગ્રસ્ત દર્દીઓની એસિડીટી, દવાઓની તીવ્ર ગરમી સામે રક્ષણ મળે અને તેમની રોગપ્રતિકારક શક્તિ વધે એવા આશયથી હલ્દી દુધ યોજના ચાલુ કરવામાં આવી છે. જેનો એક દિવસનો નકરો રૂ. ૭૦૦/- રાખવામાં આવ્યો છે. એવા સહૃદયી દિલેરદાતાઓની યાદી આ પ્રમાણે છે.

**સંસ્થાને અપાતું દાન ૮૦ જી અંતર્ગત કર રાહતને પાત્ર છે.**

| નામ | ગામ | એરીયા | રૂપિયા |
|---|---|---|---|
| ❖ અંકિતા વિશાલ માયર | | ઘાટકોપર | ૮,૪૦૦/- |
| ❖ કલાબેન મનુભાઈ શાહ | | તારદેવ | ૭,૫૦૦/- |
| ❖ ચંદ્રકાંત લીલાધર ગાલા | | અંધેરી | ૪,૯૦૦/- |
| ❖ નવિનભાઈ એમ. ખંભાતી | | સાંતાક્રુઝ | ૨,૫૦૦/- |
| ❖ માતુશ્રી લાછબાઈ હીરજી કરમશી ભેદાના આત્મશ્રેયાર્થે | | | |
| હ. પરિંદાબેન રશ્મીકાંત ભેદા | સમાઘોઘા | માટુંગા | ૧,૫૦૦/- |
| ❖ ઉષાબેન મણિલાલ ગાલા | કાંડાગરા | ગોરેગામ | ૧,૧૦૦/- |
| ❖ શાંતિલાલ વેરજી શાહની પુણ્યતિથિ નિ. | | | |
| હ. સ્મિતા શાહ | | માટુંગા | ૧,૦૦૦/- |
| ❖ આશા કિશોર મહેતા | | ઘાટકોપર | ૭૦૦/- |
| ❖ પ્રીતી યોગેશ દેસાઈ | | બોરીવલી | ૭૦૦/- |
| ❖ રાજેન્દ્ર એમ. શાહ | | બોરીવલી | ૫૦૦/- |

**પ્રેરક વાર્તા**

# એક દયાળુ કાર્ય

એક નાનકડી છોકરી એની મમ્મી સાથે સુપર માર્કેટમાં જાય છે. આજે એના દાદાની વર્ષગાંઠ છે. એટલે એ છોકરીએ દાદા માટે ખાસ કંઈ ભેટ લેવી છે. આજુબાજુ જોતાં એ એક કેકની દુકાનમાં જાય છે. અને કેક પસંદ કરે છે. મમ્મીની રજા મળતાં એ કેક પેક કરાવે છે અને કેશ કાઉન્ટર પર જાય છે. મમ્મી જુએ છે કે એની પાસે પૂરતા પૈસા નથી. છોકરી ઉદાસ થઈ જાય છે. બંને ભારે હૈયે બહાર આવે છે. લાઈનમાં ઊભેલો એક છોકરો આ જુએ છે. એ આ કેક ખરીદીને એ છોકરીને આપે છે અને કહે છે કે ''આ મારા તરફથી તને ભેટ છે.'' છોકરી તો ખુશખુશ થઈ જાય છે. પણ મમ્મી આનાકાની કરે છે.

છોકરો માનતો નથી. પછી મમ્મી એને એક કાપલી આપે છે અને કહે છે આના પર તમારો ફોન નંબર લખી આપો. હું તમને પૈસા મોકલી આપીશ. છોકરો ચીઠ્ઠીમાં કંઈક લખે છે અને કહે છે કે જ્યારે હું પણ આ છોકરી જેટલો હતો ત્યારે મારી સાથે પણ આવું જ કંઈક થયું હતું.

''હું અને મારી દાદી એક કેક શોપમાં હતા. મારે કેક ખાવી હતી પણ દાદી પાસે એટલા પૈસા નહોતા. ત્યારે લાઈનમાં ઊભેલા એક માણસે મને કેક ભેટમાં આપી હતી. ત્યારે મારી દાદીએ એને એક કાપલી આપતાં કહ્યું હતું કે મને તમારું એડ્રેસ આપો હું તમને ઘરે પૈસા પહોંચાડી દઈશ. ત્યારે એ માણસે એડ્રેસ તો ન આપ્યું પણ એટલું જ કહ્યું કે જ્યારે કોઈ બીજી વ્યક્તિ તકલીફમાં હોય ત્યારે એને મદદ કરજો.'' આ ચીઠ્ઠી પેલી છોકરીના હાથમાં મૂકે છે ત્યારે મમ્મી એને એનું નામ પૂછે છે. એ છોકરો જવાબ આપે છે, ''લાઈનમાં ઉભેલો એક માણસ.''

પછી છોકરી અને એની મમ્મી ઘરે જાય છે. દાદાને હસતાં હસતાં કેક આપે છે અને બધી વિતેલી વાત કરે છે. કે એક ભલા છોકરાએ મને કેક આપી અને સાથે એક ચીઠ્ઠી આપી. દાદા કહે છે ''બતાવ એ ચીઠ્ઠી.''

જ્યારે દાદા ચીઠ્ઠી ખોલી વાંચે છે તેમાં લખ્યું છે – "A Simple act of caring kindness creates a ripple."

''એક નાનું દયાળુ કામ પણ લહેર કરાવી જાય છે.''

આ વાંચતા જ દાદાજીને પોતાનો ભૂતકાળ યાદ આવે છે. ૨૦ વર્ષ પહેલાં એમણે પણ એક છોકરાને કેક અપાવી હતી. એ છોકરાને જે દાદાએ કહ્યું હતું એ કરી બતાવ્યું. દાદાએ કહેલું કે ''જ્યારે કોઈ બીજો મુસીબતમાં હોય ત્યારે એની મદદ કરજે.''

તમે કોઈને માટે પણ દયાનું કાર્ય કે મદદ કરો તો એ આજે નહીં પણ ૧૦-૨૦-૫૦ વર્ષે પણ એનું સારું ફળ પ્રદાન કરશે. માટે બધા માટે સારું વિચારો - સારું કરો અને જરૂરતમંદોને નાની-નાની પણ મદદ કરતાં રહો.

"A small act of kindeness comes back to you." ■

## માનવતાના સાદને મળેલો પ્રતિસાદ

| નામ | ગામ | એરીયા | રૂપિયા |
|---|---|---|---|
| ❖ વિક્રમ વાડીલાલ સંઘવી | | | |
| હ. રોનક એન્ટરપ્રાઈઝ | | સાંતાક્રુઝ | ૩૧,૦૦૦/- |
| ❖ નીલમ કિર્તિ પટેલ | ભચાઉ | દાદર | ૨૧,૦૦૦/- |
| ❖ ગીતા ચેરીટેબલ ટ્રસ્ટ | | બેંગ્લોર | ૨૧,૦૦૦/- |
| ❖ કિર્તિ મુરજી પટેલ | ભચાઉ | દાદર | ૧૧,૦૦૦/- |
| ❖ રચના કોઠારી | | બોરીવલી | ૧૧,૦૦૦/- |
| ❖ લક્ષ્મીચંદ નાનજી શાહ | | અલ્કાપુરી | ૫,૦૦૦/- |
| ❖ નિર્મળાબેન હીરજી છેડા અને | | | |
| શાંતિલાલ વેરજી શાહની પુણ્યતિથિ નિ. | | | |
| હ. સ્મિતા શાહ | | માટુંગા | ૫,૦૦૦/- |
| ❖ યાશિકા લાલકા | | મુલુંડ | ૫,૦૦૦/- |
| ❖ કલાબેન મનુભાઈ શાહ | | તારદેવ | ૫,૦૦૦/- |
| ❖ ઉષાબેન મણિલાલ ગાલા | કાંડાગરા | ગોરેગામ | ૧,૧૦૦/- |

## બિપિનભાઈ દાણી (હરસોલ) એકતા પરિવાર (I.G.) માટુંગાની પ્રેરણાથી કેન્સરગ્રસ્ત દર્દીઓના લાભાર્થે

| નામ | એરીયા | યોજના | રૂપિયા |
|---|---|---|---|
| ☛ સ્વ. મિતેષ મહેન્દ્ર શાહના આત્મશ્રેયાર્થે | | | |
| હ. મહેન્દ્રભાઈ શામળદાસ શાહ (હરસોલ) | બોરીવલી | જીવદયા | ૫,૦૦૦/- |
| ☛ સ્વ. અરવિંદભાઈ વલ્લભદાસ સોનેચાના આત્મશ્રેયાર્થે | | | |
| હ. હંસાબેન અરવિંદભાઈ સોનેચા પરિવાર | કાંદિવલી | દવા | ૨,૦૦૦/- |
| ☛ સ્વ. મહેન્દ્રભાઈ મણિલાલ ગાંધી (લિંબોદ્રા)ના આત્મશ્રેયાર્થે | | | |
| હ. ઈન્દુબેન, અલ્પેશ, સંજય ગાંધી પરિવાર | બોરીવલી | જીવદયા | ૧,૨૦૦/- |
| ☛ સ્વ. નટવરલાલ બુલાખીદાસ શાહ (હરસોલ)ના આત્મશ્રેયાર્થે | | | |
| હ. મંજુલાબેન નટવરલાલ શાહ પરિવાર | કાંદિવલી | જીવદયા | ૧,૦૦૦/- |
| ☛ સ્વ. કમળાબેન અને સ્વ. કાંતિલાલ નગીનદાસ શાહ (હરસોલ)ના આત્મશ્રેયાર્થે | | | |
| હ. કાંતિલાલ નગીનદાસ શાહ પરિવાર | ભાયંદર | દવા | ૧,૦૦૦/- |
| ☛ સ્વ. સરસ્વતીબેન અને સ્વ. રસિકલાલ શાહ (ઉનાવા)ના આત્મશ્રેયાર્થે | | | |
| હ. ધવલ શીરીષ શાહ | સાયન | જીવદયા | ૫૦૦/- |
| ☛ સ્વ. કમળાબેન અને સ્વ. બેચરદાસ દોશીના આત્મશ્રેયાર્થે | | | |
| હ. દિલીપ બી. દોશી | મુલુંડ | દવા | ૫૦૦/- |
| ☛ સ્વ. શારદાબેન અને સ્વ. ચિમનલાલ સાકળચંદ શાહ (ઉવારસદ)ના આત્મશ્રેયાર્થે | | | |
| હ. હેમા પ્રદિપ શાહ | પૂના | જીવદયા | ૫૦૦/- |

## વ્યક્તિ વિશેષ

# જાણીતા ગઝલકાર - મનોજ ખંડેરિયા



ગુજરાતી સાહિત્યના જાણીતા ગઝલકાર અને કવિ મનોજ ખંડેરિયાનો જન્મ ૬ઠ્ઠી જુલાઈ, ૧૯૪૩ના જૂનાગઢમાં થયો હતો. પિતા વજલાલ ખંડેરિયા મહેસૂલી અધિકારી હોવાથી તેમની વારંવાર બદલી થવાને કારણે મનોજ ધોરાજી, વેરાવળ, મોરબી, રાજકોટ અને જામનગર જેવાં વિવિધ સ્થળોએ પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ લઈને ૧૯૬૫માં બી.એસસી અને ૧૯૯૭માં એલ.એલ.બી. સુધીનો અભ્યાસ પૂર્ણ કરી ૧૯૬૮થી જૂનાગઢમાં વકીલાત શરૂ કરી. થોડો સમય કોલેજમાં વાણિજય કાયદાના ખંડ અધ્યાપક તરીકે પણ સેવા આપી. તેમણે આદ્યકવિ નરસિંહ મહેતા સાહિત્યનિધિના સ્થાપક પ્રમુખ તરીકે પણ જવાબદારી સંભાળી હતી.

મનોજભાઈ તો પ્રથમ સંગ્રહ 'અચાનક' અને બીજો સંગ્રહ 'અટકળ' નામે પ્રગટ થયો હતો. પરંપરાગત ગઝલને તેમણે આધુનિકતાના સંદર્ભે પ્રયોજી ગુજરાતી ગઝલને એક નવું પરિમાણ પૂરું પાડ્યું. તેમના અન્ય બે સંગ્રહ 'હસ્તપ્રત' અને 'અંજની' ૧૯૯૧માં પ્રગટ થયા હતા. ૧૯૯૪માં પ્રગટ થયેલું, 'કોઈ કહેતું નથી' સંગ્રહમાં તેમની ગઝલો અને ૨૦૦૪માં તેમની તમામ પ્રકારની રચનાઓમાંથી સવાસો કાવ્યો 'એમ પણ બને' એવા શીર્ષકથી નીતિન વડાગામા દ્વારા સંપાદિત થયા છે. 'ક્યાંય પણ ગયો નથી' એ એમનો છેલ્લો ગઝલસંગ્રહ છે.

'અચાનક' કાવ્ય સંગ્રહને ગુજરાત રાજ્ય પુરસ્કાર તો 'અટકળ' સંગ્રહને ગુજરાત સાહિત્ય અકાદમી પુરસ્કાર અને 'અંજની'ને ગુજરાતી સાહિત્ય પરિષદ પુરસ્કાર પ્રાપ્ત થયા છે. એમા 'હસ્તપ્રત' સંગ્રહને અકાદમી તેમ જ પરિષદ બંને તરફથી નવાજ્યા છે. ૧૯૯૯માં આઈ.એન.ટી. (મુંબઈ) દ્વારા તેમને કલાપી એવોર્ડ અર્પણ કરવામાં આવ્યો હતો.

મનોજભાઈનો યાદગાર શેર છે – *'મને સદ્ભાગ્ય કે શબ્દો મળ્યા ત્યારે નગર જાવા ચરણ લઈ દોડવા બેસું તો વર્ષોના વર્ષો લાગે.'* ■

પ્રેરક વાત

# સદ્ભાવના પણ ચેપી હોય છે

૩૫ વર્ષનો એક યુવાન રોજ પોતાની મોટરબાઈક લઈને એક રેસ્ટોરન્ટ પાસે આવતો અને આસપાસ ઉભેલા પાંચ ભિખારીઓને ભોજન માટે ટિફિન બંધાવી આપતો.

એક વખત એ રેસ્ટોરન્ટના માલિકે વાત વાતમાં પૂછ્યું, તો યુવાને કહ્યું, ''મારા પિતાજી કહેતા હતા કે કોઈને જમાડ્યા પછી જમવાથી ભોજન પ્રસાદ બની જાય છે અને બહુ મીઠું લાગે છે. હું નાનો હતો ત્યારથી પિતાજીની સાથે આ રીતે ગરીબોને ટિફિન આપવા જતો હતો. હવે પિતાજી નથી, તો તેમનું કામ મેં ચાલુ રાખ્યું છે, મને એ કામમાં મજા આવે છે.''

એ યુવાન રોજ નિયમિત રીતે નિશ્ચિત સમયે રેસ્ટોરન્ટ પાસે આવતો, પાંચ ભિખારીને ટિફિન અપાવતો, કાઉન્ટર પર પેમેન્ટ કરીને ચૂપચાપ ચાલ્યો જતો. રેસ્ટોરન્ટનો માલિક અને કેટલાક ભિખારીઓ પણ એને ઓળખી ગયા હતા.

એક વખતે એવું બન્યું કે પેલો યુવાન એ દિવસે ત્યાં આવ્યો જ નહીં. બે-ચાર ભિખારીઓ એની રાહ જોતા રેસ્ટોરન્ટની બહાર ઉભા હતા. થોડીક વાર રાહ જોઈ પછી પાછા ચાલ્યા ગયા. બીજે દિવસે પણ એમ જ બન્યું. એ યુવાન ૩-૪ દિવસ સુધી દેખાયો નહીં.

એવામાં એક દિવસ એક જૂના ભિખારીએ આવીને રેસ્ટોરન્ટ પરથી બીજા એક ભિખારીને ટિફિન અપાવ્યું અને એનું પેમેન્ટ કર્યું. રેસ્ટોરન્ટના માલિકને નવાઈ અનુભવતા તેને પૂછ્યું, તો એ ભિખારીએ જવાબ આપ્યો, ''અમને જે યુવાન દરરોજ ટિફિન આપવા આવતો હતો એનું એક અકસ્માતમાં અવસાન થયું છે. અમે બે-ચાર મિત્રોએ ભેગા મળીને એ યુવાનને શ્રદ્ધાંજલિ આપવા રૂપે અમને દરરોજ ભીખમાં જે રકમ મળી હોય, એમાંથી એક વ્યક્તિને ટિફિન આપવાનું નક્કી કર્યું છે. ભિખારીની વાત સાંભળીને રેસ્ટોરન્ટના માલિકને શું કહેવું એ સમજાયું નહિ, પણ શું કરવું એ સમજાયું. માલિકે કહ્યું, ''ભાઈ હવે પહેલા યુવાને શરૂ કરેલી ટિફિન સેવા મારા તરફથી ચાલુ રહેશે. તમારે એ માટે પૈસા ખર્ચવાની જરૂર નથી.''

ત્યારે પેલો ભિખારી બોલ્યો, ''સાહેબ ! સાચું કહું? અમે બહુ નાના માણસ છીએ. સમાજસેવા અને લોકસેવાના બહુ મોટા કામ કરવાની અમારામાં ત્રેવડ નથી.

બહુ બહુ તો અમે હળીમળીને એકબીજાની આવી સાવ મામુલી મદદ કરી શકીએ! પેલા યુવાન પાસેથી અમને આવી પ્રેરણા મળી છે અને એ પ્રેરણાનો દીવો ઝળહળતો રહે તે માટે અમે એક ટિફિનની સેવા તો હવે અમારા છેલ્લા શ્વાસ સુધી ચાલુ રાખીશું!''

રેસ્ટોરન્ટનો માલિક બોલ્યો, ''એ યુવાનને શ્રદ્ધાંજલિ આપવા માટે તમે જે દીવો ઝળહળતો રાખ્યો છે, એમાં મારે પણ થોડું તેલ પૂરવું છે. હવેથી હું પણ જીવનભર નિયમિત રૂપે દરરોજ પાંચ ગરીબોને મફત ટિફિન આપીશ.''

સંસારમાં બીમારીઓના ચેપ તો ઘણાં લાગે છે, થોડાક ચેપ આવા સત્કાર્યોના પણ લાગતા રહેવા જોઈએ.

આપણા જીવનમાં આપણને આવા કોઈ એક સારા કાર્યનો ચેપ ન લાગે તો સમજી લેવું કે આપણા ભવનો ફેરો ફોગટ ગયો છે. ■

## કવિતા

કોઈ અચાનક બહારથી આવીને પૂછે
'અહીં ક્યાંય અજ્ઞાત સૈનિકની કબર છે?'
હું એને બેધડક કહી દઉં
'સર, તમે કોઈ નદી કિનારે ચાલ્યા જાવ
કોઈ મસ્જિદની બેન્ચ પર બેસી જાવ
કોઈ પણ ઘરના પડછાયા પાસે ઊભા રહી જાવ
કોઈ પણ ચર્ચના દરવાજા પાસે પગ મૂકો
કોઈ પર્વતની શિલા ઉપર
બગીચાના કોઈ વૃક્ષ નીચે
અરે, મારા દેશની જમીનના કોઈ પણ ખૂણે
ચિંતા કરશો નહીં
તમે સ્હેજ નીચે ઝૂકીને
ફૂલોનો બુકે અહીં જ મૂકી દો.

**કવિ - અનીલ જોશી**

# હાજી કાસમની ‘વીજળી’

હિન્દી મહાસાગરમાં ફરતી આગબોટ (સ્ટીમર)નું નામ હતું ‘એસ. એસ. વૈતરણા’ (S.S.Vaitarna) પણ એની પરની લાઈટને કારણે લોકોએ એનું હુલામણું નામ પાડેલું ‘વીજળી’.

વૈતરણા ગ્રેજમથ ડોકયાર્ડ કંપની લિમિટેડ દ્વારા ૧૮૮૫માં બનાવવામાં આવેલી. એ વરાળથી ચાલતી અને સ્ટીલથી બનેલી આગબોટ હતી. તેને બનતાં ૩ વર્ષ લાગ્યા હતા. તેમાં ૩ માળ, ૨૫ ઓરડાને બે જહાજ સ્તંભ હતા.

આ આગબોટ માંડવી, કચ્છ અને મુંબઈ વચ્ચે મુસાફરો અને માલ સામાન લઈને આવનજાવન કરતી. આઠ રૂપિયા ટિકિટના દરે આ આગબોટ માંડવીથી મુંબઈની સફર ૩૦ કલાકમાં પૂરી કરતી. આ વિસ્તારના જહાજો તોફાનનો સામનો કરવા માટે બનાવેલા નહોતા. કારણ કે સામાન્ય રીતે જહાજો બંદરથી બંદર પર શાંત વાતાવરણમાં સફર કરતાં હતાં. તોફાન વખતે બંદર પર જ આ જહાજો લાંગરેલા રહેતા.

વૈતરણા આગબોટ માંડવી બંદર પર ગુરુવાર અને ૮મી નવેમ્બર ૧૮૮૮ (વિક્રમ સંવંત ૧૯૪૫ની કારતક સુદ પાંચમ)ના રોજ બપોરે લાંગરી હતી. ૫૨૦ પ્રવાસીઓને લઈને એ દ્વારકા માટે રવાના થઈ. દ્વારકા પહોંચ્યા પછી ત્યાંથી વધુ પ્રવાસીઓ લીધા બાદ તે પોરબંદર માટે રવાના થઈ. ખરાબ હવામાનના કારણે એ આગબોટ પોરબંદર પર રોકાઈ નહીં અને સીધી મુંબઈ માટે રવાના થઈ. સાંજ પડતાં એ માંગરોળ દરિયા કિનારે દેખાઈ હતી. બીજે દિવસે એને ખોવાયેલી જાહેર કરવામાં આવી. તૂટેલી આગબોટનો કોઈ ભાગ કે મૃતદેહ પણ મળ્યા નહીં. આ આગબોટમાં ૧૩ જાનના જાનૈયાઓ અને ડિસેમ્બરમાં મુંબઈ યુનિવિર્સટીની મેટ્રીકની પરીક્ષા આપવા માટે જતાં સંખ્યાબંધ વિદ્યાર્થીઓ સામેલ હતા.

કાસમ ઈબ્રાહિમ અથવા હાજી કાસમ આ આગબોટનો કપ્તાન હતો. તે બોરીવલી અને દહીંસર વચ્ચેની જમીનનો જમીનદાર હતો. તેનું કાર્યાલય અબ્દુલ રહેમાન સ્ટ્રીટ પર આવેલું હતું. કોઈ ફકીરે એને આશીર્વાદ આપ્યા હતા કે તે ૯૯ જહાજનો માલિક થશે અને ‘વીજળી’ (વૈતરણા) તેનું છેલ્લું જહાજ હશે. મુંબઈ સેન્ટ્રલ વિસ્તારની હાજી કાસમ ચાલનું નામ એના પરથી પડ્યું છે. ■

**કવિતા**

હાજી કાસમ તારી વીજળી રે મધદરિયે વેરણ થઈ
શેઠ કાસમ તારી વીજળી રે સમદિરયે વેરણ થઈ
ભૂજ અંજારની જાનુ રે જૂતી જાય છે મુંબઈ શે'ર
દેશ પરદેશી માનવી આવ્યા જાય છે મુંબઈ શે'ર
દસ બજે તો ટિકટું લીધી જાય છે મુંબઈ શે'ર
તેર તેર જાનું સામટી જૂતી, બેઠા કેસરિયા વર
ચૌદ વીશું માંય શેઠિયા બેઠા, છોકરાંને નૈ પાર
અગિયાર બજે આગબોટ હાંકી જાય છે મુંબઈ શે'ર
બાર બજે તો બરોબર ચડિયાં જાય છે મુંબઈ શે'ર
ઓતર દખ્ખણના વાયરા વાયા, વાયરે ડોલ્યાં વા'ણ
મોટા સાહેબની આગબોટું મળિયું વિજને પાછી વળાય
જહાજ તું તારું પાછું વાળ્યે રોગ તડાકો થાય
પાછી વાળું, મારી ભોમકા લાજે, અલ્લા માથે એમાન
આગ ઓલાણી ને કોયલા ખૂટ્યાં, વિજને પાછી વાળ્ય
મધદિરયામાં મામલા મચે, વીજળી વેરણ થાય
ચહમાં માંડીને માલમી જોવે, પાણીનો ના'વે પાર
કાચને કુંપે કાગદ લખે મોકલે મુંબઈ શે'ર
હિન્દુ મુસલમાન માનતા માને પાંચમે ભાગે રાજ
પાંચ લેતાં તું પાંચસો લેજે, સારું જમાડું શે'ર
ફટ ભૂંડી તું વીજળી! મારા તેરસો માણસ જાય
વીજળી કે મારો વાંક ને વીરા, લખિયલ છઠ્ઠીના લેખ
તેરસો માણસ સામટાં બૂડ્યાં, બૂડ્યાં કેસરિયા વર
ચડી એ કોઠે દીવા જલે ને જુએ જાનુંની વાટ
મુંબઈ શે'રમાં માંડવા નાંખેલ, ખોબલે વેંચાય ખાંડ
ઢોલ ત્રંબાળુ ધ્રુસ્કે વાગે, જુએ જાનુની વાટ
સોળસે કન્યા ડુંગરે ચડી જુએ જાનુની વાટ
દેશદેશથી તાર વછૂટ્યા વીજળી બૂડી જાય
વાણિયો વાંચે ને ભોટિયા વાંચે, ઘરઘર રોણાં થાય
પીઠી ભરી તો લાડડી એ માંડવે ઊઠી આગ
સગું રૂએ એનું સાગવી રૂએ, બેની રૂએ બાર માસ
મોટા સાહેબે આગબોટું હાંકી, પાણીનો ના'વે પાર
મોટા સાહેબે તાગ જ લીધા, પાણીનો ના'વે પાર
સાબ મઢયમ બે દિરયો ડોળે, પાણીનો ના'વે તાગ
હાજી કાસમ તારી વીજળી રે મધદિરયે વેરણ થઈ.
શેઠ કાસમ તારી વીજળી રે મધદિરયે વેરણ થઈ.

**- ઝવેરચંદ મેઘાણી**

# નાભિમાં એરંડાનું તેલ લગાડવાના ફાયદા

આયુર્વેદમાં શરીરની અનેક સમસ્યાને દૂર કરવા માટે નાભિ પર તેલ લગાડવવાની સલાહ આપવામાં આવે છે. નાભિને શરીરનું મધ્ય બિન્દુ માનવામાં આવે છે જે શરીરના સર્વ અંગ સાથે જોડાયેલું છે. એટલે નાભિ પર એરંડાનું તેલ લગાડવાથી અનેક સ્વાસ્થ્યના સંબંધિત લાભ થાય છે. નાભિ પર હળવી માલિશ કરવાથી એરંડાનું તેલ ત્વચામાં શોષાય છે જે શરીરની અંદરનો સોજો ઓછો કરીને એને વધુ અનુકૂળ બનાવે છે. એનાથી આંતરડાના સંકુચનની ગતિમાં સુધાર થાય છે એ મળ કાઢવામાં મદદ મળે છે. કબજિયાતની સાથે ગેસ અને પેટ ભારે લાગવાની સમસ્યા થતી હોય તો આ તેલ લગાડવાથી પેટની માંસપેશીમાં આરામ મળે છે, ગેસમાંથી રાહત મળે છે અને મળ ત્યાગની પ્રક્રિયા સહજ થાય છે.

એરંડાના તેલનો સ્પર્શ, સુગંધ અને ઉષ્મા શરીરને આરામ આપે છે જેનાથી પાચન ક્રિયા સુધરે છે.

એરંડાનું તેલ લગાડવાથી માસિક ધર્મ વખતે પેટમાં થતા દુઃખાવામાં રાહત મળે છે. નાભિની આસપાસ શરીરની અનેક પ્રમુખ નસો હોય છે જે ગર્ભાશય, અંડાશયથી જોડાયેલી હોય છે. આ તેલ લગાડવાથી આ નસોને આરામ પહોંચે છે. જેથી ગર્ભાશયની માંસપેશીઓનો તનાવ ઓછો થાય છે અને દુખાવામાંથી રાહત મળે છે. આ તેલમાં એવા ગુણ છે જેનાથી એ ત્વચાના માધ્યમથી ધીરે ધીરે અંદર જઈને સોજો ઓછો કરવામાં મદદ કરે છે. આ તેલ લોહીનું પરિભ્રમણ વધારે છે જેથી ગર્ભાશય સુધી વધુ ઓક્સિજન અને પોષક તત્ત્વો પહોંચે છે. એનાથી રૂઝ આવવામાં સુધારો થાય છે. આ તેલ હોર્મોનલ બેલેન્સમાં પણ મદદ કરે છે.

એરંડાનું તેલ ત્વચાને ભીની (Moisturised) રાખવાનું કામ કરે છે. એ નાભિમાંથી શોષાઈને શરીરમાં ત્વચાને અંદરથી હાઈડ્રેટ કરે છે. આ તેલ લગાડવાથી સૂકી ત્વચા, ફાટેલા હોઠ, ફાટેલી એડીઓની સમસ્યામાંથી રાહત મળે

છે. આ તેલ શરીરમાંથી ઝેરી તત્ત્વોને બહાર કાઢીને ત્વચાને સ્વચ્છ અને તાજી બનાવે છે. ખીલ જેવી સમસ્યાનો પણ નિકાલ થાય છે.

તનાવમાંથી રાહત મેળવવા માટે પણ નાભિ પર આ તેલ લગાડવું ફાયદાકારક છે. એનાથી ચેતાતંત્ર (નર્વ સિસ્ટમ)ને શાંત રાખવામાં મદદ મળે છે. એટલે માનસિક શાંતિ મળે છે. ઊંઘ સારી આવે છે. આ તેલ લગાડવાથી સાંધાના દુઃખાવામાંથી પણ રાહત મળે છે. એવું પણ મનાય છે કે આ તેલ લગાડવાથી પ્રજનન સ્વાસ્થ્યમાં સુધાર આવે છે. જેનું કારણ આ તેલથી લોહી પરિભ્રમણમાં થતો ફાયદો છે.

નાભિ પર લગાડવા માટે હંમેશા શુદ્ધ અને કોલ્ડ પ્રેસ એરંડા તેલનો જ ઉપયોગ કરવો. તેલ લગાવતા પહેલાં નાભિને સરખી રીતે સાફ કરો. રાત્રે સૂતાં પહેલાં નાભિ પર તેલ લગાડવાનો સૌથી શ્રેષ્ઠ સમય છે. એના પર ૨-૩ ટીપાં પર્યાપ્ત છે. પણ તમને એલર્જી કે ત્વચારોગ હોય તો તબીબની સલાહ લેવી યોગ્ય છે. ■

## પ્રભુદર્શન

દેરાસરમાં કોઈ આપણી આડે આવી દર્શન કરતો હોય તો એવું વિચારવું કે એને પણ પ્રભુદર્શનનો હક છે. બહારની દુનિયામાં કરોડો જીવો દુનિયાના દર્શન કરવામાં પડ્યા છે ત્યારે આ ભાગ્યવાન પ્રભુદર્શને આવ્યો છે. સાચા માણસની ધર્મની અનુમોદના કરવાથી એ સમ્યક્દર્શનને પમાડનાર અને સમ્યક્દર્શનને નિર્મળ કરનાર એક આચાર છે. એ વખતે આંખો બંધ કરી પ્રભુની મુખાકૃતિ, ચક્ષુ, કીકી વગેરે વિચારી પ્રભુની નિર્વિકારીતા, પ્રશાંતતા, કરુણાદ્રષ્ટિ વગેરે નિહાળવા અને સ્વચ્છ હૃદયથી પ્રભુ ભક્તિ કરવી. ■

## શ્રી જલારામ અન્નદાન ક્ષેત્ર

જઠરાગ્નિ જો તૃપ્ત ન હોય અને બહારગામથી આવેલા કેન્સરના દર્દીઓ અને સાથે આવેલ આપ્તજન પણ ભૂખ્યો તરસ્યો હોય તે સમયે કેન્સર સામે યુદ્ધ ન લડી શકાય. અને તેથી જ જીવન જ્યોત કેન્સર રિલીફ એન્ડ કેર ટ્રસ્ટ આવા નિરાશ્રિત દર્દીઓને દરરોજ બે સમયે શાક-રોટલી, મસાલા-ભાત, ફળ, હલ્દીવાળું દૂધ, સૂકું અનાજ વગેરે જરૂરિયાત પ્રમાણે આપે છે. આપ આમાં સહભાગી થવા **પાના નં. ૫ ઉપર** જણાવેલ બેંકમાં અનુદાન ભરી શકશો. **સંસ્થાને અપાતું દાન ૮૦ જી અંતર્ગત કર રાહતને પાત્ર છે.**

| નામ | ગામ | એરીયા | રૂપિયા |
|---|---|---|---|
| ❖ જીનલ ખુશાલ દેઢિયા | નાની ખાખર | માટુંગા | ૩૫,૦૦૦/- |
| ❖ કાલિંદી રાજેન્દ્ર શાહ | | નેપીયન્સી રોડ | ૧૧,૦૦૦/- |
| ❖ રૂક્ષ્મણીબેન હંસરાજ ગડા | | | |
| હ. વિનય શાહ | રેલડિયા મંજલ | અંધેરી | ૮,૦૦૦/- |
| ❖ મધુકર પી. સાંઘાણી | | | |
| હ. તુષાર એમ. સાંઘાણી | | | ૭,૦૦૦/- |
| ❖ પિનલ ધવલ છેડા | કાંડાગરા | વિલેપાર્લા | ૭,૦૦૦/- |
| ❖ રાઘવજી ધારશી દેઢિયાના જન્મદિવસ નિ. | | | |
| હ. જીજ્ઞા નિલેશ શાહ | નાના આસંબિયા | ઘાટકોપર | ૫,૦૦૦/- |
| ❖ શાંતિલાલ વેરજી શાહની પુણ્યતિથિ નિ. | | | |
| હ. સ્મિતા શાહ | | માટુંગા | ૪,૦૦૦/- |
| ❖ નમ્રતા એસ. ગાલા | મેરાઉ | માટુંગા | ૪,૦૦૦/- |
| ❖ વિરાજ ગિરીશ છાડવાના લગ્ન પ્રસંગે | | | |
| હ. ગિરીશ એન. છાડવા | ડેપા | સાયન | ૪,૦૦૦/- |

**પ્રિય વાચકો,** આપે આપનું લવાજમ ન ભર્યું હોય તો વાર્ષિક (રૂા.૨૦૧/-) કે આજીવન (રૂા.૨૦૦૧/-) લવાજમ ભરી સંસ્થાને સહાયભૂત થાઓ. જો આપની પાસે બે કોપી આવતી હોય તો સંસ્થાના કાર્યાલયમાં ફોન કરી જણાવશો.
**મોબાઈલ નં. ૯૮૬૯૨૦૬૪૦૦/૯૦૭૬૧૬૯૩૫૫**
**'જીવનપથ' માસિક ગુજરાતી, હિંદી અને અંગ્રેજી - ત્રણ ભાષામાં પ્રકાશિત થાય છે.**
**જીવન જ્યોત કેન્સર રિલીફ એન્ડ કેર ટ્રસ્ટ** - ૫/૬, કોંડાજી ચાલ, ટાટા હૉસ્પિટલની પાસે, જેરબાઈ વાડિયા રોડ, પરેલ, મુંબઈ-૧૨.

નવલકથા

# 'કુંતી'

(ગતાંકથી ચાલુ)

**- રજનીકુમાર પંડ્યા**

પોખરાજે થોડી વાર પહેલાં સમારીને વ્યવસ્થિત ગોઠવેલાં ફ્રૂટની પ્લેટમાંથી એક પણ ચીરી ઉપાડીને મોંમાં મૂકવાની સ્વામીજીને રુચિ ન થઈ. શરીર હવે જાણે કે પોષણ ગ્રહણ કરવા સામે વિરોધ કરતું હતું. મન અને શરીરના બે અશ્વો જોડેલી બગીની ગતિમાં હવે બહુ વિક્ષેપ આવતો હતો, કારણ કે મનના અશ્વને હજુ ક્યાંક કોઈક લક્ષે પહોંચવાનું હતું એટલે એ વગર ચાબુકે દોડતું હતું; પણ દેહના અશ્વની કદાચ અવધિ આવી ગઈ હતી. એનાં યંત્રો હવે આરામ માગતાં હતાં. નવું બળતણ કે સમારકામ, કશી વાત, એને માન્ય નહોતી.

રોજ સંધ્યા થતી અને પક્ષીઓના કલરવથી બંગલાના કંપાઉન્ડનો મોટો પીપળો ભરાઈ રહેતો ત્યારે સ્વામીજી તાવવાળા શરીરે એ બગીચાના બાંકડે જઈને બેસતા અને આવી દેહ-મનની વિરોધવૃત્તિઓને શમાવવાની કોશિશ કરતા. આંખો બંધ થઈ જતી, પણ કાનના દ્વારમાંથી આ વિશ્વ પરનો એક સૌથી મોટો કુદરતી કોલાહલ-પંખીઓનો કલરવ પ્રવેશી એમના ક્ષુબ્ધ મનને થોડી શાતા આપતો.

ફળોની પ્લેટ ઉપર બીજી એક પ્લેટ ઊંધી ઢાંકીને એ બંગલાના કંપાઉન્ડમાં આવ્યા. ધીરે ધીરે થોડું ચાલ્યા. સિત્તેર ઉપરની ઉંમર થઈ હતી એટલે જરી જરી શ્વાસ પણ ચડતો હતો. એમ થતું ત્યારે છાતીએ હાથ દેવાઈ જતો. ભગવી કફનીની આરપાર ધડકતા હૃદય અને હસ્તરેખાઓથી ભરેલી હથેળીની એક મુલાકાત રચાઈ જતી. હૃદય વારંવાર ધડકી ધડકીને આયુષ્યરેખાને પૂછ્યા કરતું કે બોલ, હજુ મારે કેટલા કાળ સુધી ધમણ ચલાવ્યે રાખવાની છે ?

એ આવીને સિમેંટના આખો દિવસ તપી તપીને હવે ઠંડાં પડતા જતા બાંકડે બેઠા. રોજની જેમ સંધ્યાના સાત રંગોને પળ-બે પળ નીરખીને એમણે આંખો બંધ કરી અને પરમ તત્ત્વ સાથે મનનો લય સાધવાનો આરંભ કર્યો.

પણ એ જ ક્ષણે કોઈનો હાથ એમના પગને અડ્યો. ચાખડીની બહાર કાઢેલા પગને ધરતીના સીધા સ્પર્શનો અનુભવ થતો હતો, ત્યાં કોઈ મનુષ્યના હાથનો સ્પર્શ ક્યાંથી ?

એમણે પોપચાં ઊંચકીને, બે હાથને બાંકડા પર આજુબાજુ ટેકવીને સામે નજર કરી. બહુ નવાઈ લાગી. માથે ઘટાટોપ શ્વેતશ્યામ વાળવાળો કોઈ માણસ એમના ચરણસ્પર્શ કરી રહ્યો હતો. એ ઊંચે જોતો નહોતો; ધરતી સાથે એની નજર ખોડાઈ ગઈ હતી.

સ્વામીજીએ એના માથે હાથ મૂક્યો. કશીક ન સમજાય તેવી, અકળ ભાવોથી ભરેલી ઝણઝણાટીનો અહેસાસ થયો. પણ એમના એ સ્પર્શ સાથે જ એ માણસે ઉપર જોયું.

''દદુ !'' એ ગોરાગોરા, લાલ ચૂમકીભર્યા ગાલવાળા માણસે કહ્યું : ''પહેચાના મૂઝે?''

સ્વામીજી કહેનારા અનેક... પણ આ દદુ (દાદાનું હિંદીમાં લાડકું સંબોધન) કહેનાર કોણ ? સ્વામીજીને અત્યંત નવાઈ લાગી. ઓળખાણ પડતી નહોતી. ચાલીસેક વરસનો, ગાદી પર બેઠાં બેઠાં જેની કમરનો ભાગ ફૂલી ગયો હતો એવો, પણ સૌમ્ય, ભાવ-નીતરણ ચહેરાવાળો, કાળા-ધોળા વાળનાં જુલ્ફાં કપાળ પર ધસી આવ્યાં હોય એવો, આ પુરુષ કોણ હશે ?

''ભાઈ,'' સ્વામીજી બોલ્યાઃ ''કિસી ઇન્સાન, કિસી દૂસરે ઇન્સાન કે પાંવમેં ઇસ તરહ પડે, યે બાત અચ્છી નહીં. ખૈર !'' એમણે પૂછ્યું : ''કૌન હો તુમ?''

''દદુ !'' એણે ઊભા થઈને પ્રણામી મુદ્રામાં બે હાથ જોડ્યા : ''મેરા નામ સુરેન્દ્રનાથ હૈ. મૈં તો આપ કે પોતે સમાન હૂં ઔર મેરા તો યે અધિકાર હૈ કિ આપ કે પાંવ ઇસ તરહ છૂઉ.''

સુરેન્દ્રનાથનાં આ ચાર વાક્યોમાં ચાર પેઢીનો આખો ઇતિહાસ હરિરાજસ્વામીની નજર સામે જીવતો થઈ ગયો. એક જ ક્ષણ, અરે ! ક્ષણનો પણ સોમો ભાગ લાગ્યો હશે એમને એ શબ્દોના વીજળી જેવા ઝબકારામાં સંબંધોનાં એ ચડતાં-ઊતરતાં પગથિયાંને બેસાડતાં. હા, તો એ જ હતો, એ જ એમના પંડિત પિતાના વંશની સાંકળનો ત્રીજો મણકો. વચલી તમામ કડીઓ લુપ્ત થઈ ગઈ હતી; પણ આ ત્રીજી કડીનો વારસદાર અત્યારે આ સંધ્યાના રંગો વચ્ચે પ્રગટ થયો હતો.

એ ઊભા થયા. ઊભા થવામાં થોડું કષ્ટ પડયું. શ્વાસ ચડ્યો, પણ ઊભા

થયા. ટટ્ટાર ઊભા રહેવામાં પણ એમને થોડો શ્રમ પડ્યો. એક વાર ટટ્ટાર થઈ ગયા કે તરત જ એ સુરેન્દ્રનાથને ભેટી પડ્યા. એટલા જોરથી એને આશ્લેષમાં લીધો કે સુરેન્દ્રનાથને પણ નવાઈ લાગી કે આ વૃદ્ધ બાહુઓમાં આટલી તાકાત ક્યાંથી પ્રગટી! અરે, બાહુઓમાં માત્ર તાકાત થોડી અનુભવાતી હતી ? એમાં તો અનુભવાતી હતી હેતની હેલી...

ક્યાંય સુધી તે હેતની એ હેલીને માણી રહ્યો. હરિરાજ દદુએ એ પછી એનો ચહેરો નાના બાળકના ચહેરાને કોઈ વડીલ બે હથેલી વચ્ચે લઈને જુએ એમ ક્યાંય સુધી જોયા જ કર્યો. ખીલેલી સંધ્યાના રંગોએ વૃદ્ધ દદુના ચહેરાને પણ લાલ લાલ રંગી દીધો. સંન્યાસી, સંન્યાસી મટીને માત્ર એક નર્યા સંસારી દાદા બની રહ્યા. એમણે સુરેન્દ્રના ચહેરાને બે હાથ વચ્ચે રાખીને ક્યાંય સુધી નિહાળ્યો. પોતાના પિતાની મુખરેખાઓને એમાંથી એક શિલ્પીની મહેનતથી ઓળખી લીધી અને પછી પોતાના જેવા જ સુરેન્દ્રનાથના વિશાળ અને ત્રણ સમાંતર કરચલીઓવાળા કપાળને વારંવાર ચૂમ્યા કર્યું.

‘‘બેટે !’’ એમણે પોતાના હજીય રણકદાર, પણ થોડા ભીના થઈ ગયેલા સ્વરમાં પૂછ્યુંઃ ‘‘તુઝે દેખ કર ઐસા લગતા હૈ જૈસે મેં અપને પોતે કો નહીં, પિતા કો મિલ રહા હૂં... ખૈર !’’ એમણે આંખોના ખૂણા લૂછ્યા : ‘‘બૈઠ, મેરે કરીબ બૈઠ, મુઝસે સટકે (અડોઅડ) બૈઠ. મુઝે તેરા સ્પર્શ પાને દે. અબ યે બતા કિ તૂ કૈસે યહાં આયા ? કૌન લે આયા તુઝે યહાં તક ? મૈંને તો કિસી કો તેરી ખોજમેં બટાલા દૌડાયા થા.’’

‘‘હા.’’ સુરેન્દ્રનાથ બોલ્યો : ‘‘વે શ્રીમાનકી ક્રિપાસે હી મૈં યહાં તક આયા. વે અબતક મેરે સાથ થે... મગર ઇસ વક્ત યહાં નહીં આયે.’’

‘‘ક્યોં?’’ સ્વામીજીએ પૂછ્યું : ‘‘ક્યું નહીં આયા ?’’

‘‘કહતે થે કિ,’’ સુરેન્દ્રનાથ બોલ્યો : ‘‘પહલે પહલે દાદા ઔર પોતેકી મુલાકાત મેં કિસીકી મૌજુદગી અચ્છી નહીં. વે કહતે થે, ભલે હી બરસાત ધૂપ (તાપ) કી વજહ સે હી આયે, લેકિન બરસાત જબ ધરતી પર ગિરે તબ ધૂપકો તો નદારદ (ગાયબ) હી રહના ચાહિયે, વરના બરસાતકા મઝા ધરતી પૂરા ન ઉઠા પાયેગી. દદુ ! વે બડે ફિલોસોફર લગતે હૈં.... ક્યોં ?’’ *(ક્રમશઃ)* ■

વાનગી વિશેષ

# ક્રીસ્પી ફરાળી સેન્ડવિચ

- આશાબેન દસોંદી (માટુંગા)

**સામગ્રી :**

- ૧ ¹/₂ કપ સાબુદાણા
- ૨ ચમચા રાજગરાનો લોટ
- ૩ મધ્યમ બાફેલા બટાટા
- ૨ ચમચી સિંધવ મીઠું
- ¹/₂ ચમચી મરી પાવડર
- ૧ ચમચી ખાંડ
- ૧ ચમચી શેકેલા જીરાનો પાવડર
- ¹/₂ કપ કોથમીર
- ૩ ચમચા આદુ-મરચાની પેસ્ટ
- ૨ ચમચી લીંબુનો રસ
- ¹/₂ કપ શેકેલા શીંગદાણાનો અધકચરો ભૂક્કો
- જરૂર પ્રમાણે તેલ
- પાણી જરૂર મુજબ

**રીત :** સાબુદાણાને બે પાણીથી ધોઈ નીતારી લેવા. એમાં પોણો કપ પાણી નાંખી બે-ત્રણ કલાક માટે સાબુદાણાને પલળવા દેવા. પછી એને કપડા પર એકદમ સૂકા કરી લેવા.

એક થાળીમાં સાબુદાણા, શીંગદાણાનો ભૂક્કો, રાજગરાનો લોટ, કોથમીર સાથે બધા મસાલા ભેળવી એનું મિશ્રણ તૈયાર કરવું. એમાં એક ચમચી તેલ નાંખી ફરી મિક્સ કરવું. તેલથી ગ્રીસ કરેલ સેન્ડવિચ મેકરમાં મિશ્રણ મૂકી બંધ કરી ધીમા તાપે બંને બાજુ શેકી લેવું.

આ જ પ્રમાણે ઈલેક્ટ્રિક ટોસ્ટરમાં પણ તેલ લગાડી મિશ્રણ પાથરી સેન્ડવિચ બનાવી શકાય. આ સેન્ડવિચને લીલી ચટણી અથવા મસાલા દહીં સાથે પીરસી શકાય.

***નોંધ :*** આ જ મિશ્રણના સાબુદાણા વડા અથવા પરોઠા પણ બનાવી શકાય.

## જીવનપથ : વાર્ષિક સભ્ય

| નામ | એરીયા | રૂપિયા |
|---|---|---|
| ❖ નવિનભાઈ એમ. ખંભાતી | સાંતાક્રુઝ | ૨૦૧/- |

બાળકેકારવ

# બાળ ગણેશ અને ઘમંડી ચંદ્રમાંની વાર્તા

એક સમયે ધનપતિ કુબેરે ભગવાન શિવ અને માતા પાર્વતીને જમવા માટે આમંત્રણ આપ્યું. ભગવાન શિવે કહ્યું કે હું કૈલાસને છોડીને ક્યાંય જતો નથી. માતા પાર્વતીએ કહ્યું કે હું મારા પતિ ગુરુને છોડી ક્યાંય જઈ શકતી નથી. પણ તમે અમારી જગ્યાએ ગણેશને લઈ જાઓ. તેને મીઠાઈ અને તહેવારો ઉજવવા ખૂબ ગમે છે.

આથી કુબેર ગણેશજીને પોતાની સાથે લઈ ગયા. ત્યાં ગણેશજીએ મન ભરીને મીઠાઈઓ અને મોદક ખાધા. પાછા ફરતી વખતે કુબેરે તેમને વધુ મીઠાઈઓ સાથે બાંધી આપી. ગણેશજી ચાંદનીમાં પોતાના ઉંદર પર બેસીને આવી રહ્યા હતા. પરંતુ વધુ પડતું ખાવાથી તેઓ ખૂબ મુશ્કેલીથી પોતાને કાબુમાં રાખી શક્યા.

તે જ સમયે અચાનક ઉંદરનો પગ એક પથ્થરને સ્પર્શ્યો અને એ ડગમગવા લાગ્યો. આ કારણે ગણેશજી ઉંદરની ઉપરથી પડી ગયા તેમનું પેટ ભરેલું હોવાને કારણે તેઓ પોતા પર કાબુ રાખી ન શક્યા અને બધી મીઠાઈ પણ અહીં તહીં પડી ગઈ.

ચંદામામા આ બધું ઉપરથી જોઈ રહ્યા હતા. તે ગણેશજીને પડતાં જોઈને હસવાનું રોકી ન શક્યા અને બોલ્યા, ‘‘જ્યારે તું પોતા પર કાબુ રાખી નથી શકતો તો આટલું બધું કેમ ખાય છે?’’

ચાંદામામાની વાત સાંભળીને ગણેશજી ગુસ્સે થઈ ગયા. તેમણે વિચાર્યું કે આ ચંદામામા અભિમાનથી ભરેલો છે. એ મને ઉઠાવવા તો કોઈ મદદ કરી નથી રહ્યો ને ઉપરથી મારી મજાક ઉડાવી રહ્યો છે. એથી તેમણે ચંદામામાને શ્રાપ આપ્યો કે જે કોઈ તમને ગણેશ ચતુર્થીના દિવસે જોશે એ ચોર કહેવાશે.

આ સાંભળીને ચંદામામા તો ડરી ગયા અને વિચારવા લાગ્યા કે આમ તો લોકો મને જોશે નહીં એટલે તેમણે ગણેશજીની માફી માંગી. ગણેશજીનો ગુસ્સો શાંત થયો ત્યારે તેમણે કહ્યું કે હું શ્રાપ તો પાછો લઈ શકતો નથી. પણ હું તમને એક વરદાન આપું છું કે જો એ વ્યક્તિ તમને આગામી ગણેશ ચતુર્થીને

દિવસે જોશે એનો ચોર હોવાનો શ્રાપ દૂર થઈ જશે. આ સાંભળી ચાંદામામાના જીવમાં જીવ આવ્યો. સાથે સાથે ગણેશજીએ એમ પણ કહ્યું કે તમને એક વરદાન આપું છું કે મહિનામાં એક દિવસ તમે કોઈને દેખાશો નહીં. અને એક દિવસ તમે આકાશમાં સંપૂર્ણ રીતે દેખાશો... આ કારણે ચંદ્ર પૂર્ણિમાના દિવસે પૂર્ણ દેખાય છે અને અમાસના દિવસે દેખાતો નથી. ■

## માતુશ્રી કાંતાબેન ચુનીલાલ ગગલદાસ શાહ (સેરીસા)ના સૌજન્યથી

# જીવદયા

- રૂા. ૪,૨૩,૫૫૦/- રૂપિયાની દવાઓ અબોલ પ્રાણીઓ માટે વાપરવામાં આવી.
- મુંબઈમાં ટ્રાફિકથી ધમધમતા માર્ગ પર અકસ્માત નડતા ૧૪ પશુ-પક્ષીઓને સારવાર માટે હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા.

| નામ | ગામ | એરીયા | રૂપિયા |
|---|---|---|---|
| ❖ સુનિતા ભુપેન્દ્ર પરીખ | | તારદેવ | ૫,૦૦૦/- |
| ❖ સ્વ. ખેતશી સુંદરજી દેઢિયાની પુણ્યસ્મૃતિ નિ. | | | |
| હ. અનિલ ખેતશી દેઢિયા | ગઢસીસા | મુલુંડ | ૫,૦૦૦/- |
| ❖ મંજુલાલ ભાણજી કેનિયા | બારોઈ | મુલુંડ | ૫,૦૦૦/- |
| ❖ કાલિંદી રાજેન્દ્ર શાહ | | નેપીયન્સી રોડ | ૪,૦૦૦/- |
| ❖ લોપા અજય મહેતા | | કાંજુરમાર્ગ | ૪,૦૦૦/- |
| ❖ મગનલાલ જે. ઠાકર | | માટુંગા | ૨,૫૦૦/- |
| ❖ કલાબેન મનુભાઈ શાહ | | તારદેવ | ૨,૫૦૦/- |
| ❖ નિતિન શાહ | | ઘાટકોપર | ૨,૦૦૦/- |
| ❖ કાનજી ગુણશી ગાલાની બે માસિક પુણ્યતિથિ નિ. | | | |
| હ. રૂત્વી કાનજી ગાલા | ભચાઉ | માટુંગા રોડ | ૨,૦૦૦/- |
| ❖ ઉષાબેન મણિલાલ ગાલા | કાંડાગરા | ગોરેગામ | ૧,૧૦૦/- |
| ❖ શરદ નાનાલાલ મહેતા | | મીરારોડ | ૧,૦૦૦/- |

# જિંદગી એટલે સંબંધોની હલચલ

**- હેમાબેન વીરા** *(ગામ-બેરાજા)*

સંબંધોના જુદા જુદા પ્રકાર હોય છે, કેટલાક સંબંધો આપોઆપ થઈ જતા હોય છે, ઝરણાની માફક કલરવ કરતા વહેવા માંડે છે, અને પછી અચાનક કોઈ ઊંડી ખીણમાં સરી પડે છે અને ખોવાઈ જાય. કેટલાક સંબંધો મોસમી હોય છે. વર્ષાઋતુમાં સરિતા બંને કાંઠે ઉભરાય અને પછી ગ્રીષ્મ આવતા સુકાઈ જાય. પરંતુ, બહુ ઓછા સંબંધો એકધારા બારેમાસ એકસરખા રહેતા હોય છે. સંબંધો બદલાતાં રહે છે, નવા બંધાય છે અને જુના શિથિલ થાય છે. કેટલાક સંબંધો લોહીના નથી હોતા, પણ હૃદયના હોય છે, ક્યારેક એ સંબંધો લોહીના સંબંધો કરતાં વધુ ગાઢ અને આત્મીય હોય છે. આ પ્રકારના સંબંધો આપણે પોતે સર્જવાના હોય છે. લોહીના સંબંધો જન્મથી બંધાય છે, એમાં આપણી પસંદગી હોતી નથી, આપણે એમને સ્વીકારી લેવાના હોય છે.

મનુષ્ય માટે કુટુંબ અને ઘર એટલે શાંતિ, સ્નેહ અને વિશ્વાસનું ધામ. બાળક માટે કુટુંબ એટલે ઈમોશનલ કોચિંગ ક્લાસ. સ્નેહાળ આત્મીય પારિવારિક સંબંધ જીવનનું એક મોટું ઐશ્વર્ય છે. સ્નેહના સંબંધની નાનકડી મૂડીથી જીવનની લીલી-સુકી વચ્ચે મન હર્યુંભર્યું રહી શકે છે. આપણા કુટુંબ પ્રથાની પશ્ચિમ દેશોએ પણ ઈર્ષા કરી છે, કોઈક સભ્યને ક્યારે પણ વિપત્તિ આવી પડે તો આખું કુટુંબ મદદ માટે એકઠું થઈ જાય છે.

કૌટુંબિક સંબંધ વિશે મારા દાદાજી મને કહેતા ''કુટુંબ એટલે આપણા માટે મોટી સોશ્યલ સિક્યુરિટી. કુટુંબમાં જ મેઘધનુષ્યના રંગો જેવી વિવિધ રંગીન સંબંધો અને સગપણની ક્યારીમાં જીવન મહેકી ઊઠે છે. પરંતુ, ક્યારેક એ સંબંધોમાં ઓટ આવી જતી હોય છે, સ્નેહની સાથે કટુતા આવી જતી હોય છે. હા, હું કબુલ કરું છું સગાઓમાં પણ વિવિધ પ્રકાર હોય છે, કેટલાક મતલબી અને સ્વાર્થી હોય છે. સગપણ બતાવી મીઠું મીઠું બોલી પોતાનું કામ કરાવી લેતા હોય છે એ પછી બધું ભૂલી જાય છે, જાણે એકદમ વન વે ટ્રાફિક. તમારે જ બધું કરવાનું હોય છે એમણે કાંઈ નહીં. કેટલાક સંબંધોનું ધર્મ જ ટીકા કરવાનું હોય છે, તો કેટલાક ભારે પંચાતિયા હોય છે, અણગમતી સલાહ ન આપે તો એમના કર્તવ્યમાંથી ભ્રષ્ટ થઈ જાય. આવા

જાતજાતના સ્વભાવ અને પ્રકૃતિવાળા સંબંધોનો કુટુંબમાં મેળો થાય ત્યાં શું થાય? એ સંબંધો જાળવવાનું મુશ્કેલ બને ને એનું મૂલ્ય ઓછું નથી હોતું.

મુંબઈમાં આલીશાન બંગલો, સુખ સગવડ અને સગા-વ્હાલા બધું છોડી પરદેશમાં રહેતી વામાએ મને કહ્યું હતું કે ''લગ્ન પછી બે વર્ષ હું સાસરે રહી પણ બધા સગાઓથી ત્રાસી ગઈ, અહીં પરદેશમાં શાંતિ છે. કોઈની ટીકા ટિપ્પણી નહીં, કોઈની સલાહ નહીં, રિસામણા મનામણા તો નહીં જ. સગાઓની વાત જવા દો, એના કરતાં મિત્રો સારા એમને કોઈ માથાકૂટ તો નહીં. કુટુંબ પ્રત્યે સગા વહાલાઓ પ્રત્યે અણગામો કરવો એ આજની ફેશન છે.

આપણા સગાઓ સાથેના સંબંધ લોહીના સંબંધ હોય છે. એ પ્રેમનો અને ગાઢલાગણીનો સંબંધ હોઈ શકે, બની શકે પણ એ સંબંધોને સાચવવામાં તમારા તનની અને મનની ઘણી શક્તિ ખર્ચાવાની તે છતાં પારિવારિક સંબંધને મિસ્ટ અને મધુર રાખી શકીએ તો જીવનમાં કેટલો આનંદ રહેતો હોય. માત્ર એ માટે આપણી દ્રષ્ટિ, આપણો અભિગમ થોડોક બદલાવવાનો રહે છે કારણ કે જ્યારે ભાઈ-ભાઈ વચ્ચે, ભાઈ-બહેન વચ્ચે, પિતા સંતાનો વચ્ચે, પતિ-પત્ની વચ્ચે સંબંધો વણસે છે ત્યારે હૃદયમાં એ કાંટાની માફક ભોંકાયા કરે છે. પારિવારિક સંબંધને જાળવવાની અને મધુર બનાવવાની કળા શીખવી એ આપણી સામાજિક જવાબદારી છે.

આજે બે પેઢીઓ વચ્ચે કેટલું અંતર પડી ગયું છે. યુવા પેઢી અને વૃદ્ધો એટલે કે આજની પેઢી અને ગઈકાલની પેઢીનો માનસિક પરિસર સાવ જુદો થઈ ગયો છે, એટલે બે પેઢી વચ્ચે આચારવિચાર, જીવનશૈલી અને રહેણીકરણી અંગે સંઘર્ષ થતો હોય છે. સમયના બદલાતા પ્રવાહને પારખીને એને અનુરૂપ વડીલોએ હવે બદલાવવું પડે છે. યુવાનોની લાગણી, ભાવના અને વિચારોને ધીરજ, સમજણ અને સહિષ્ણુતાથી સમજવા પડશે.

વડીલો એમને જરૂર સલાહ સૂચન સાથે માર્ગદર્શન આપે, પોતાની ઈચ્છા જણાવે, પણ એ બધું પ્રેમ અને મૈત્રીપૂર્વક, આમાં જબરદસ્તી કે ધાકધમકી કરવાની ભૂલ ન થાય, નહીં તો તમારા સંતાનો તમારાથી અળગા થઈ જશે. જીવનમાં તમામ સંબંધોમાં સંતુલન ખૂબ જ મહત્વનું છે. જમાના પ્રમાણે એમાં બદલાવ લાવવો પડશે.

વડીલોનું એક ચક્રી શાસન હવે નહીં ચાલે. યુવા પેઢીને એમની રીતે જીવવાની છૂટ હવે આપવી પડશે.

પુત્રવધુને પારકા ઘરની ગણવાને બદલે પરિવારની એક મહત્વની વ્યક્તિ તરીકે પ્રેમભર્યું સ્થાન આપવું પડશે. એને સાસરીયુ નહીં પણ પોતાનું ઘર લાગવું જોઈએ, એ રીતે એની સાથે વર્તાવ કરવું પડશે, નહીં તો સંભવ છે કે પુત્ર અને પુત્રવધુ અલગ થઈ જાય. કુટુંબમાં દીકરીને ઉતરતી કે અણમાનીતી ગણવાની નહી પરંતુ એને વ્હાલનો દરિયો માની એને શિક્ષણની અને તાલીમની બધી જ સગવડ આપવામાં આવે. ખાસ તો પુરુષો પોતાની પત્ની અને મા વચ્ચે સમજદારીપૂર્વક સંતુલન જાળવી શકે તો કુટુંબમાં શાંતિનું વાતાવરણ રહે.

ખરું જોતા કુટુંબમાં સગા સંબંધીઓ સાથે સ્નેહભર્યો સંબંધ જાળવવો એ તો એક મધુર જવાબદારી છે, એ માટે તમને કોઈ મોટી યોજના કે પંચવર્ષીય યોજના કરવાની નથી, જેમ સરસ મુલાયમ ફૂલકા રોટલી બનાવવા માટે લોટને કેળવવો પડે તેમ સંબંધોને પણ કેળવવો પડે, પછી તે સગા સંબંધીઓ સાથેના હોય કે મિત્રોના, બધા સંબંધોને ધીમે ધીમે કેળવવા પડે છે.

કૌટુંબિક સંબંધો આપણા જીવનને હર્યુંભર્યું રાખે છે, દુઃખના સમયે એ સહારો હોય છે અને સુખમાં એ વૃદ્ધિ કરે છે, આપણા ચારિત્રને એ બળ આપે છે, એટલું જ નહીં પણ આપણા જીવનસાથી, સંતાનો, મિત્રો અને અન્ય લોકો સાથે વધુ સુંદર અને મધુર સંબંધો રચવાની આપણામાં શક્તિ અને કુશળતા પ્રેરે છે.

દરેક સંબંધોમાં બાંધછોડ કરવી જ પડે છે. અનુકૂળ થવું પડે છે તો પરિવાર સાથે શા માટે નથી. ભૂતકાળમાં જે કંઈ અનિચ્છનિય અને અણગમતું બન્યું હોય તેને મનમાંથી ભૂંસી નાખો, ને જે સારું હતું સુંદર હતું તે યાદ કરીશું તો મૂરઝાયેલા સંબંધો પણ ફરી નવપલ્લવિત થઈ જશે.

જીવનમાં કુટુંબ સાથે રહેવું, એમનો પ્રેમ સંપાદન કરવું, એમને પ્રેમ કરતા રહેવું એ કેટલું મોટું સદ્ભાગ્ય છે. કૌટુંબિક સંબંધોના નાજુક તાંતણાઓમાં ગુંચ પડે છે, ક્યારેક સતત ગુંચ પડે છે, તેથી એ મુલાયમ તાંતણાઓને ઉતાવળથી કાઢી નાખવાના ન હોય પણ ધીરજથી, ઉદારતાપૂર્વક એ સંબંધોમાં પડેલી ગુંચ ને સમજદારીથી ઉકેલવાથી એનામાં સંબંધ અકબંધ રહે છે.

ખુશ્બુદાર સુંદર ગુલાબના છોડને કાંટા હોય છે, પણ એ કાંટા ખાતર આપણે ગુલાબનો તિરસ્કાર નથી કરતા, કાંટાથી સાચવી લઈ ગુલાબની મહેક માણીએ છીએ તો આ સંબંધનું પણ કંઈક એવું જ છે. ■

## ગત મહિનામાં સંસ્થાએ કરેલ પ્રવૃત્તિનો ચિત્તાર

- **અન્નક્ષેત્રે ભોજનના ૨૩ કાર્ડ અને હલ્દી દૂધના ૧૧ કાર્ડ બનાવી આપ્યા.**
- **૧૪૨ કેન્સરગ્રસ્ત દર્દીઓના પરિવારોમાં અનાજ વિતરણ કરવામાં આવ્યું.**
- **પ્રતિદિન ૮૩૮ દર્દીઓને ફળનું વિતરણ કરવામાં આવ્યું.**
- **૩ દર્દીઓને બ્લડ માટે સહાય કરવામાં આવી.**
- **૧૩ દર્દીઓને રહેવાની સગવડ કરી આપવામાં આવી.**
- **૪ દર્દીઓને અલગ અલગ ટ્રસ્ટમાં સારવાર માટે અપીલ લેટર બનાવી આપવામાં આવ્યા અને અન્ય સંસ્થાઓમાંથી સારો એવો પ્રતિસાદ મળ્યો.**
- **કેન્સરના દર્દીઓને રૂ. ૯,૩૭,૫૦૦/-ની દવા લઈ આપવામાં આવી.**
- **અન્ય દર્દીઓને રૂ. ૩,૩૩,૨૮૦/-ની દવાઓ આપવામાં આવી.**
- **અપંગ વ્યક્તિઓને ૪ વૉકર, ૨ વૉકિંગ સ્ટીક, ૩ કમોડચેર, ૪ વ્હિલચેર, ૩ પલંગ, ૪ ઓક્સિજન મશીન અને ૩ ઓક્સિજનના બાટલા આપવામાં આવ્યા.**
- **૪ વ્યક્તિઓને કેન્સર જણાતા એમની ફાઈલ બનાવી આપવામાં આવી.**
- **૩૮ દર્દીઓએ ફ્રી એમ્બ્યુલન્સ સેવાનો લાભ લીધો.**
- **૧૩ દર્દીઓને કોલોસ્ટોમી બેગ રાહતના દરે આપવામાં આવી.**
- **૧ લાવારિશ કેન્સરગ્રસ્ત દર્દીની કફન-દફન વિધિ કરવામાં આવી.**
- **રસ્તામાં બેહાલ સ્થિતિમાં પડી રહેલા ૬ વ્યક્તિઓને વૃધ્ધાશ્રમમાં ભરતી કરવામાં આવી.**

❖ ❖ ❖

**માઝા મુકતી મોંઘવારી, અસહ્ય બનતી સારવાર, કપરી પરિસ્થિતિમાં ગરીબી અને બે છેડા ભેગા કરવા મુશ્કેલ હોય છે. એવી પરિસ્થિતિમાં આપ દિલેર દાતા રણમાં વીરડી સમાન લાગો છો. અહીં આપેલ પ્રવૃત્તિઓમાં સાથ સહકાર આપવા વિનંતી :**

| | |
|---|---|
| જમાડવાનો એક દિવસનો ખર્ચ ₹ | ૨૫,૦૦૦/- |
| અનાજનો એક દિવસનો ખર્ચ ₹ | ૨,૫૦૦/- |
| કેન્સર સારવાર ₹ | ૨૫,૦૦૦/- |
| દવા માટે ₹ | ૧૦,૦૦૦/- |
| કેમોથેરેપી સારવાર માટે ₹ | ૪૦,૦૦૦/- |
| વ્હિલચેર ₹ | ૬,૫૦૦/- |
| કાખઘોડી ₹ | ૬૦૦/- |
| વોકર ₹ | ૧,૨૦૦/- |
| કાનનું મશીન | દાતાના સહાયથી |
| એમ્બ્યુલન્સ ₹ | ૧,૦૦૦/- |

આપણા તહેવારો

# દક્ષિણનો કુંભમેળો

કેરાલાના કુન્નુર જિલ્લાના કોટ્ટિયુર ગામમાં હિન્દુ પૌરાણિક શાસ્ત્ર મુજબ દક્ષિણનો મહાકુંભ થાય છે. ૨૮ દિવસ ચાલનારા આ તહેવારને વૈશાખ મહોત્સવ તરીકે ઓળખવામાં આવે છે. કોટ્ટિયુરને દક્ષિણનું વારાણસી ગણવામાં આવે છે કેમ કે અહીં અનેક ધાર્મિક મહાત્મ્ય ધરાવતાં મંદિરો અને શિલાઓ છે.

આ તહેવાર બાવલી નદીના કિનારે ઉજવવામાં આવે છે. પ્રયાગરાજના કુંભમેળાનું જેટલું ધાર્મિક મહાત્મ્ય છે એટલું જ દક્ષિણ ભારતના હિન્દુઓમાં કોટ્ટિયુર તહેવારનું છે.

આ જગ્યાએ કોઈ કાયમી ધોરણે ઊભું કરેલું મંદિર નથી, પરંતુ અહીં તાડના સૂકા પાંદડાથી યજ્ઞભૂમિ તરીકે ઓળખાતું વિશિષ્ટ ઊર્જા ધરાવતું સ્ટ્રક્ચર તૈયાર કરવામાં આવે છે. એની ફરતે જાતજાતની વિધિ થાય છે.

એ ઉપરાંત અહીં બાવલી નદીના સામસામા બે કિનારે આવેલા અકારે કોટ્ટિયુર અને ઈક્કારે કોટ્ટિયુર એમ બે મંદિરોમાં ઉત્સવનો ઉમંગ જોવા મળે છે. એવું મનાય છે કે આ શિવમંદિરમાં સ્વયંભૂ લિંગ છે. પૂરા ૨૮ દિવસ ચાલતા આ ઉત્સવમાં અનેક લોકો માનતા માને છે. એક ખાસ વૃક્ષની નીચે લિસ્સો ગોળાકાર પથ્થર મૂકે છે. નદીમાં નાહીને ભીના કપડે જ યજ્ઞભૂમિ તરીકે બનાવેલા સૂકા પાંદડાના કાચા દેવળમાં લોકો નાળિયેર અને ઘીનો ચઢાવો કરે છે. અને એની ફરતે પ્રદક્ષિણા કરે છે. ■

**અમો હૃદયથી આભારી છીએ**

☛ **કોમ્પ્યુટર સર્વિસ** : રક્ષાબેન કીર્તિભાઈ (કોટડા) ★ ટ્રાયકોર્ન સિસ્ટમવાળા (દાદર)
☛ **સંસ્થાને લાગનારા સ્ટીકર** : ડાયમંડ સ્ટીકરવાળા દિનેશભાઈ ગોગરી (બિદડા)
☛ **બેનર અને એડર્વટાઈઝમેન્ટ** : ૧) બેનર હાઉસ - નરેશ દેઢિયા
૨) વિક્ટોરિયા ડિઝીટલ-જીતુભાઈ નાગડા (મોથારા)
☛ **ડાયરીઓ** : ગુડલક બુક ઈન્ડસ્ટ્રીઝ - વિસનજીભાઈ હંસરાજ દેઢિયા (ગઢસીસા)

## દેશભક્તિ ગીત

# સરફરોશી કી તમન્ના

*ગીતકાર :* **રામપ્રસાદ બિસ્મિલ** / *ફિલ્મ :* **ભગતસિંહ**

સરફરોશી કી તમન્ના, અબ હમારે દિલ મેં હૈ,
દેખના હૈ જોર કિતના, બાજુ-એ-કાતિલ મેં હૈ.
વકત આને પર બતા દેંગે, તુઝે ઓ આસમાઁ,
હમ અભી સે કયા બતાયેં, કયા હમારે દિલ મેં હૈ?
સરફરોશી કી તમન્ના, અબ હમારે દિલ મેં હૈ,
એક સે કરતા નહીં કર્યો, દૂસરા કુછ બાતચીત ?
દેખતા હૂ મૈં જિસે વો, ચૂપ તેરી મહફિલ મેં હૈ,
રહબરે રાહ-મુહબ્બત, રહ ન જાના રાહ મેં,
લજજતે-સહરાનવર્દી, દૂરી-એ-મંજિલ મેં હૈ.
અબ ન અગલે વલવલે હૈં, ઔર ન અરમાનોં કી ભીડ,
એક મિટ જાને કી હસરત, અબ દિલે બિસ્મિલ મેં હૈં.
એ શહીદ-મુલ્કો-મિલ્લત, મૈં તેરે ઊપર નિસાર,
અબ તેરી હિમ્મત કા ચર્ચા, ગૈર કી મહફિલ મેં હૈ.
ખીંચ કર લાયી હૈ સબકો, કત્લ હોને કી ઉમ્મીદ,
આશિકોં કા આજ જમઘટ, કૂચ-એ-કાતિલ મેં હૈં.
હૈ લિયે હથિયાર દુશ્મન, તાક મેં બૈઠા ઉધર,
ઔર હમ તૈયાર હૈ, સીના લિયે અપના ઇધર.
ખૂન સે ખેલેંગે હોલી, ગર વતન મુશ્કિલ મેં હૈ,
સરફરોશી કી તમન્ના, અબ હમારે દિલ મેં હૈ.
હાથ જિનમેં હો જુનૂન, કટતે નહીં તલવાર સે,
સર જો ઉઠ જાતે હૈં વો, ઝુકતે નહીં લલકાર સે.
ઔર બડ્કેગા જો શોલા, સો હમારે દિલ મેં હૈ,
સરફરોશી કી તમન્ના, અબ હમારે દિલ મેં હૈ.
હમ તો નિકલે હી થે ઘર સે, બાઁધકર સર પે કફન,
જાં હથેલી પર લિયે લો, બઢ ચલે હૈં યે કદમ.
જિન્દગી જો અપની મહિમા, મૌત કી મહફિલ મેં હૈ,
સરફરોશી કી તમન્ના, અબ હમારે દિલ મેં હૈ.

# પ્રાયશ્ચિત

**– ભારતી પી. શાહ,** *અમદાવાદ*

આજે ગોપાલકાકા અને ગોમતીબેન મારા ઘેર આવ્યા ત્યારે બંને જણાં ખૂબ ઉદાસ અને પરેશાન દેખાતા હતા. મેં તેમને આવકાર આપી બેસાડ્યા, પછી મેં ગોપાલકાકાને કહ્યું, ''બધાને હસાવનાર મારા કાકા આજે આટલા ઉદાસ કેમ?''

''બેટા, અત્યાર સુધી અમારા જીવન નિર્વાહ માટે અમેરિકાથી અમારો સુનયન પૈસા મોકલતો હતો, પરંતુ હવે તો તે ફોન પણ નથી કરતો અને પૈસા મોકલવાના બંધ કરી દીધા છે, આટલી મોંઘવારીમાં અમારો ગુજારો...''

''સમજી ગઈ કાકા, ચિંતા ન કરો. કોઈક રસ્તો જરૂર નીકળી આવશે.'' મેં ગોપાલકાકાને આશ્વાસન આપ્યું. મારા ઉપર ભરોસો રાખી બંને વિદાય થયા.

થોડા દિવસ પછી મેં ગોપાલકાકાને તેમના મોટા ઘરમાંથી એકાદ કમરામાં પેઈંગગેસ્ટ રાખવાની સલાહ આપી. જેથી ભાડા પેટે આવક થાય. ગોપાલકાકાને મારી વાત ગળે ઉતરી ગઈ. છાપામાં જાહેરાત આપી, અને તેનું સારું પરિણામ મળ્યું. ઉધમપુર ગામથી કોલેજમાં દાખલ થયેલા હેમંતને પેઈંગગેસ્ટ તરીકે રહેવાની સગવડ જોઈતી હતી. હેમંત ગોપાલકાકાને મળ્યો. બધી વાતચીત કરી અને ડિપોઝીટની રકમ તથા માસિક ભરવાના રૂપિયા નક્કી થઈ ગયા. હેમંતે નક્કી થયા મુજબ ડિપોઝીટ મૂકી અને રહેવા આવી ગયો.

હેમંતના પિતા ખેડૂત હતા. તેમની ઈચ્છા હેમંતને ખૂબ ભણાવવાની હતી. એટલે તેમણે હેમંતને શહેરમાં ભણવા મોકલ્યો. હેમંત ખૂબ મહેનતુ હતો અને તેના પિતાને હેમંત તરફથી સારું પરિણામ પ્રાપ્ત થવાની આશા હતી. ગોપાલકાકાને ત્યાં તે એક આદર્શ વિદ્યાર્થીની જેમ રહેવા લાગ્યો. અભ્યાસની સાથેસાથે તે ગોપાલકાકાના નાનામોટા કામ કરી આપતો અને તે વૃદ્ધ ગોપાલકાકાને એકલા બહાર નીકળવાની ના પાડતો. જો ગોપાલકાકાને બેન્કમાં કે ડોક્ટરના ત્યાં જવું હોય તો હેમંત તેમની જોડે જતો. કોલેજથી પાછા ફરતી વેળાએ ગોમતીબાએ મંગાવેલી ચીજવસ્તુ તે લઈ આવતો.

ગોપાલકાકા અને ગોમતીકાકી સાથે હેમંત ખૂબ હળીમળીને રહેતો હતો. હેમંતે એટલું જાણી લીધું હતું કે ગોપાલકાકાનો પુત્ર અમેરિકામાં પરિવાર સાથે રહે છે. શરૂઆતમાં તેમનો પુત્ર માતા-પિતાને પૈસા મોકલતો હતો, પરંતુ હવે બંધ કરી દીધા છે.

એકવાર હેમંતના પિતાએ હેમંતને ફોનથી જણાવ્યું કે આ વખતે દુકાળના કારણે ખેતી થઈ નથી, વળી હેમંતની બહેન સુમિત્રાના લગ્ન લીધા છે પરંતુ પાસે પૂરતા પૈસા નથી. આર્થિક ભીંસ એટલી બધી વધી ગઈ છે કે તેઓ હેમંતનો ખર્ચ ઉપાડી શકે તેમ નથી. માટે હેમંત ગામડે પાછો આવી જાય. તે દ્વિધામાં પડી ગયો, વળી ગોપાલકાકાને પણ રકમ ચૂકવવાની હતી શું કરવું? તેનું ગ્રેજ્યુએશન પણ પૂરું થયું નહોતું કે નોકરી મળી જાય.

હેમંતના દિમાગમાં વિપરીત બુદ્ધિ જાગી. અને એકવાર રાત્રે લાગ જોઈને તેણે ગોમતીબાના કબાટમાંથી બેચાર નાના દાગીના અને પૈસા ઉપાડી લીધા અને બિસ્તરાપોટલાં બાંધી સ્ટેશને પહોંચી ગયો. તે પોતાના વતનમાં પાછો જવા માંગતો હતો. તેણે વિચાર્યું અનુકૂળતાએ દાગીના વેચી પૈસા પિતાને આપી દેશે અને કહેશે કે આ બચાવેલા પૈસા છે. ટ્રેનને આવવાને હજુ એકાદ કલાકની વાર હતી. હેમંત પ્લેટફોર્મ પરના બાંકડા પર બેસી ગયો તેને ઊંઘ આવી ગઈ. ઊંઘમાં તેને સપનું આવ્યું કે ગોપાલકાકા અને ગોમતીકાકી ધ્રુસ્કે ધ્રુસ્કે રડે છે અને તેમની આંખમાંથી લાલ લોહી વહી રહ્યું છે. હેમંત સફાળો જાગી ગયો અને તે વિચારવા લાગ્યો અને બબડ્યો, 'અરે, મેં આ શું કર્યું? મારા માતા-પિતા સમાન ગોપાલકાકા અને ગોમતીકાકીને મેં દગો દીધો? તેમના વિશ્વાસને શું હું આઘાત આપીશ? જ્યારે તેઓ જાગશે અને મને નહીં જુએ, કબાટમાં દાગીના અને પૈસા નહીં હોય ત્યારે તેમના પર શું વિતશે? તેમનું હૃદય કકળી ઉઠશે અને મારા પર ફિટકાર વરસાવશે. ઘરડા દિલના નિશાસા મારા માટે પનોતી બનશે. તેમના પોતાના દીકરાએ તેમને નિરાશ કર્યા છે અને મને પોતાના દીકરાની જેમ રાખ્યો, તો મેં પણ... અરર્...

મારા માતાપિતાને જો ખબર પડશે તો તેમને કેવું લાગશે? ના... ના... મારે આવું અયોગ્ય કામ નથી કરવું. આટલું વિચારીને તે સ્ટેશનેથી પાછો વળીને દોડ્યો ગોપાલકાકાને ઘરે... ઘરે આવીને જોયું તો બંને જણાં હજુ શાંતિથી ઊંઘતા હતા. 'હાશ' બોલીને તેણે સાવચેતીપૂર્વક દાગીના અને પૈસા તેની મૂળ જગ્યાએ મૂકી દીધા. અને પોતાના રૂમમાં જઈને પથારીમાં ચૂપચાપ સૂઈ ગયો.

સવાર પડી, ગોપાલકાકા અને ગોમતીબા જાગ્યા. ગોમતીબાએ ચા મૂકીને હેમંતને હાક મારી. હેમંત નત્મસ્તકે આવ્યો, પછી હાથમાં પહેરેલી વીંટી કાઢીને ગોપાલકાકાને હાથમાં મૂકીને બોલ્યો, ''કાકા હું મારે ગામ પાછો જાઉં છું. તમારા પૈસા ભરવાની સગવડ નથી, તેના બદલામાં હું આ વીંટી આપને આપતો જાઉં છું.''

ગોપાલકાકા વિચારમાં પડી ગયા, તેમણે હેમંતને માથે હાથ ફેરવીને હકીકત જાણવા ચાહી, ત્યારે હેમંત ધ્રુસ્કે ધ્રુસ્કે રડી પડ્યો. ગોમતીકાકીએ તેને સાંત્વન આપ્યું ત્યારે તેણે પિતાની પરિસ્થિતિની વાત અને પોતે કરેલી ભૂલ, બધું જ કહી દીધું.

ગોમતીકાકી બોલ્યા, ''એક પુત્ર તો અમને છોડીને ચાલ્યો ગયો છે અને હવે બીજો પુત્ર પણ અમને છોડીને જવા માંગે છે? અમને તારા પૈસા નથી જોઈતા, તું અહીં રહીને તારો અભ્યાસ પૂરો કર. જ્યારે તું કમાય ત્યારે તારું દેવું ચૂકવી દેજે. જેટલું મળશે તેમાં આપણે ત્રણે વહેંચીવાટીને ખાઈશું.''

હેમંતની આંખમાંથી પ્રાયશ્ચિતના આંસુ વહેવા લાગ્યા. તે ગોપાલકાકા અને ગોમતીકાકીના ચરણોમાં પડીને ધ્રુસ્કે ધ્રુસ્કે રડતાં માફી માંગવા લાગ્યો. ગોમતીબાનો હાથ હેમંતના માથા પર ફરી રહ્યો. ■

આ પુસ્તક વાંચી લીધા પછી **પસ્તીમાં** નાંખી ન દેતાં તમારા કુટુંબમાં કે મિત્રોમાં ફરતું રહે અને **કેન્સરના** દર્દીઓ માટે **હુંફનું કવચ** બનવા અનુમોદન અર્થે ફેલાવો કરતાં રહો એવી અનુમોદના.

# ઉખાણાં

**સં. - આશાબેન દસોંદી** *(માટુંગા)*

૧. વીસ વીસનાં ઉતારી લીધાં શીશ, ના વહ્યું લોહી, ના ચઢી રીસ.

૨. ના જીવ, ના ખાય, ના પીએ; રહે ‘મૂળ’ ત્યાં લગી જીવે
અંધારાથી એ બહુ ડરે, જોતા જ છૂપે નિજ ઘરે

૩. એક લાકડીની સાંભળો કહાણી, તેમાં ભરેલું છે મીઠું પાણી

૪. ઘર એક, રહેનારા બે, સવાર-સાંજ ઝઘડે એ
રહે ના ખાલી ઘર કદી, તો કહો એનું નામ જલદી

૫. અંધકાર ઊંચુ છે એક પ્રાણી, એની પીઠ છે ત્રિકોણી
છે રણનું જહાજ-ગાડી એને જોઈએ થોડુંક પાણી

૬. એવું તો કોણ છે જે તમારા નાક પર બેસીને તમારા કાન પકડે છે.

૭. ઘરમાં મહેમાનોને દેવાય, વોટમાં નેતાઓને દેવાય, આરામ કરવામાં વપરાય.

૮. પીળા પીળા પદમશી ને પેટમાં રાખે રસ, થોડાં ટીપાં વધુ પડે તો દાંતનો કાઢે કસ

૯. એવું શું છે જે વગર પગે ભાગે છે અને ક્યારેય પાછો આવતો નથી.

૧૦. આંધી વર્ષામાં છાતી પહોળી કરી ઠાઠથી હું ઊભો છું,
જીવોની હું રક્ષા કરી, ફળ-ફૂલનું દાન આપું છું.

૧૧. પાણી તો પોતાનું ઘર, ધીમી જેની ચાલ
ભય જોઈને કોકડું વળતો, બની જતો ખુદની ઢાલ

૧૨. એ તો છે ભાઈ ભારે બીકણ, કાતરી ખાતા પાન,
ઉંદરભાઈના મામા એ તો એને છે લાંબા કાન.

---

**જવાબો :**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. નખ | ૨. પડછાયો | ૩. શેરડી | ૪. પ્રકાશ | ૫. ઊંટ | ૬. ચશ્મા |
| ૭. ખુરશી | ૮. લીંબુ | ૯. સમય | ૧૦. વૃક્ષ | ૧૧. કાચબો | ૧૨. સસલું |

---

*ડિઝાઈનીંગ અને ટાઈપસેટીંગ* : **સમીર પારેખ, ક્રિએટીવ પેજ સેટર્સ,** ગોરેગામ, મુંબઈ

# તસ્વીર બોલે છે અનુકંપાદાનની



દાનવીર દાતાના સહયોગથી કેન્સરગ્રસ્ત મહિલા દર્દીના જન્મદિવસ નિમિત્તે નવી સાડી આપી રહેલાં સંસ્થાના સ્થાપક અને મેનેજીંગ ટ્રસ્ટી શ્રી હરખચંદભાઈ સાવલા (બાડાવાલા).




હાડકાના કેન્સરથી પિડીત વૃદ્ધા દર્દીને કમર પટ્ટો આપી રહેલાં જીવન જ્યોત સંસ્થાના કાર્યકર્તા.

RNI. MAHGUJ/2008/39251 Post Reg. MCE/163/2024-26.
Licence to Post Without Prepayment No. MR/TECH/WPP-185/EAST/2024-26.
Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai- 400 001
Published and Posting on 15th of every month.



To,




## તસ્વીર બોલે છે જલારામ અન્નદાનક્ષેત્રની




જીવન જ્યોત જલારામ અન્નદાનક્ષેત્ર અંતર્ગત 'ગણેશ ચતુર્થી', 'સંવત્સરી' તથા 'દાતાના જન્મદિવસ'ના ત્રિવેણી સંગમે બહારગામથી આવતા દર્દી અને બરદાસીઓને બાસુંદી સાથે સ્વાદિષ્ટ ભોજન પ્રેમપૂર્વક પીરસી રહેલા સંસ્થાના કાર્યકર્તા.

Printed, Published, Edited & Owned by - **Mr. H. K. Savla,** Published from **Jeevan Jyot Cancer Relief & Care Trust,** 3/9, Kondaji Chawl, Jerbai Wadia Road, Near Tata Hospital, Parel, Mumbai - 400 012. & Printed at **P. H. Printer,** 18-P, D. L. Jain Compound, Opp. Voltas Ltd., 64, Dr. B. A. Road, Chinchpokli (E), Mumbai 400 012 ***Editor*** : **H. K. Savla**